# BVZ

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **District Education Offficer/District Primary Education Officer and Equivalent, Gujarat Educational Service, Class-1, (Administrative Branch) (Special Recruitment-PwD- Second Attempt)** |
| **Advertisement No.** | **41/2026-27** |
| **Preliminary Test Held On** | **17-09-2026** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **22-09-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **28-09-2026 (Till 04:00 PM)** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 23-09-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

(8) Objections must be supported by authentic references or documentary evidence. Objections based solely on AI, GPT, or similar tools without supporting evidence shall not be considered. For calculation-based, mathematical, statistical, or reasoning questions, candidates shall provide the relevant calculation, methodology, or logical basis in support of the objection.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી(માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાવ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

(8) વાંધો પ્રમાણભૂત અને અધિકૃત સંદર્ભો અથવા દસ્તાવેજી પુરાવાથી સમર્થિત હોવો આવશ્યક છે. માત્ર AI, GPT અથવા સમાન સાધનો દ્વારા જનરેટ કરાયેલ અને આધારભૂત પુરાવા વિનાના વાંધાઓની વિચારણા કરવામાં આવશે નહીં. ગણતરી આધારિત, ગાણિતિક, આંકડાશાસ્ત્રીય અથવા તાર્કિક પ્રશ્નોના કિસ્સામાં ઉમેદવારે સબંધિત ગણતરી, પદ્ધતિ અથવા તાર્કિક આધાર રજૂ કરવાનો રહેશે.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. કોઈ શૈક્ષણિક સંસ્થા નિર્ધારિત શૈક્ષણિક ધ્યેયો સિદ્ધ કરવા માટે નાણાકીય, માનવીય અને ભૌતિક સંસાધનોનું આયોજનબદ્ધ એકત્રીકરણ, કાર્યક્ષમ ઉપયોગ, સંકલન અને સતત દેખરેખ કરે છે. આ સમગ્ર પ્રક્રિયા કઈ સંકલ્પનાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે?

(A) શિક્ષણનું મૂલ્યાંકન (Evaluation of Education)

(B) શિક્ષણનું સંચાલન (Management of Education)

(C) શિક્ષણનું આયોજન (Planning of Education)

(D) શિક્ષણનું સંગઠન (Organization of Education)

2. શૈક્ષણિક સંસ્થામાં એક નેતા સભ્યોને નિર્ધારિત ધ્યેયો પ્રત્યે પ્રતિબદ્ધ બનાવે છે, તેમને કાર્ય માટે પ્રેરિત કરે છે તથા તેમની વચ્ચે સહકાર અને સંકલન વિકસાવે છે. સંસ્થાની અસરકારકતા માટે મહત્વપૂર્ણ આ પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) નિયંત્રણ (Controlling)
(B) દોરવણી (Leading)
(C) આયોજન (Planning)
(D) વ્યવસ્થાપન (Organizing)

3. અધ્યાપનશાસ્ત્રમાં વિદ્યાર્થીને કાર્ય પૂર્ણ કરવા માટે શરૂઆતમાં જરૂરી ટેકો આપી અને તેની ક્ષમતા વધે તેમ તે ટેકો ક્રમશઃ ઘટાડવાની પ્રક્રિયાને 'Scaffolding' કહેવામાં આવે છે. આ પરિભાષા સૌપ્રથમ કયા સંશોધકોએ રજૂ કરી હતી?

(A) જીન પિયાજે અને બાર્બેલ ઇનહેલ્ડર

(B) બી. એફ. સ્કીનર અને આલ્બર્ટ બાન્ડુરા

(C) ડેવિડ વુડ, જેરોમ બ્રુનર અને ગેઇલ રોસ

(D) લેવ વાયગોત્સ્કી અને એલેક્ઝાન્ડર લુરિયા

4. RTI કાયદા હેઠળ માહિતી આપવા માટે નિયુક્ત અધિકારી કયા નામે ઓળખાય છે?

(A) Public Litigation Officer
(B) Public Information Officer
(C) Public Information Authority
(D) Public Relation Officer

5. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ના વિવિધ વિભાગો (Branches) સંદર્ભે નીચેનામાંથી કઈ જોડી સુસંગત નથી?

(A) PSTE (Pre-Service Teacher Education) - સેવા-પૂર્વ તાલીમ (D.El.Ed.)

(B) IFIC (In-Service Programmes, Field Interaction & Innovation Coordination) - સેવા-કાલીન તાલીમ અને સંશોધન

(C) ET (Educational Technology) - શૈક્ષણિક ટેકનોલોજી અને ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રી નિર્માણ

(D) CMDE (Curriculum, Material Development and Evaluation) - માત્ર હાઈકોર્ટના કેસોનું કાનૂની સંચાલન

6. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (RTI Act) ની કઈ કલમ હેઠળ સરકારી જાહેર સત્તામંડળો માટે પોતાની માહિતી સ્વેચ્છાએ અને સક્રિય રીતે જાહેર કરવી (Proactive Disclosure) ફરજિયાત બનાવવામાં આવી છે?

(A) કલમ ૪ (૧)

(B) કલમ ૬ (૧)

(C) કલમ ૮ (૧)

(D) કલમ ૧૯ (3)

7. વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકારે કઈ નવીન યોજના અમલમાં મૂકી છે?

(A) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

(B) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

(C) કસ્તુરબા પોષણ યોજના

(D) વિદ્યાદીપ યોજના

8. 'ઓમ્બુડ્સમેન' (Ombudsman) સંસ્થાનો ઉદ્ભવ સૌપ્રથમ કયા દેશમાં થયો હતો, જે પાછળથી ભારતમાં 'લોકપાલ/લોકાયુક્ત' તરીકે વિકસિત થઈ?

(A) સંયુક્ત રાજ્ય અમેરિકા

(B) યુનાઇટેડ કિંગડમ

(C) સ્વીડન

(D) ફ્રાન્સ

9. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ (સુધારો ૨૦૧૮) [Prevention of Corruption Act] ની કઈ કલમ હેઠળ લાંચ લેનારની સાથે સાથે લાંચ આપનાર (Bribe Giver) ને પણ સ્પષ્ટપણે ગુનેગાર ઠેરવવામાં આવ્યો છે?

(A) કલમ ૮ (B) કલમ ૨

(C) કલમ ૨૧ (D) કલમ ૩૨

10. જિલ્લામાં નવી યોજના અમલમાં મૂકતી વખતે જવાબદારીનો કયો ક્રમ સૌથી યોગ્ય છે?

1. રાજ્યસ્તરે નીતિ/માર્ગદર્શિકા

2. જિલ્લાસ્તરે સંદર્ભિત આયોજન અને સંકલન

3. તાલુકા/બ્લોક સ્તરે સહાય અને દેખરેખ

4. શાળાસ્તરે અમલીકરણ

5. શાળા અને તાલુકાથી પ્રતિસાદ મેળવી સુધારો

(A) 1–2–3–4–5 (B) 4–3–2–1–5

(C) 1–4–2–3–5 (D) 2–1–4–5–3

11. કાર્યાત્મક સાક્ષરતા અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તેમાં માત્ર મૂળાક્ષરો ઓળખવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

2. વ્યક્તિ દૈનિક જીવનમાં વાંચન, લેખન અને સંખ્યાજ્ઞાનનો અર્થપૂર્ણ ઉપયોગ કરી શકે તે જરૂરી છે.

3. બેંકિંગ, આરોગ્ય, નાગરિક સેવાઓ અને ડિજિટલ વ્યવહારમાં સ્વતંત્રતા તેની અસર દર્શાવી શકે છે.

4. શાળાનું પ્રમાણપત્ર મેળવવું કાર્યાત્મક સાક્ષરતાની અનિવાર્ય શરત છે.

ઉપરના વિધાનો પૈકી કયાં સાચાં છે?

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 4

12. સમગ્ર શિક્ષા (Samagra Shiksha) અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તે પૂર્વ-પ્રાથમિકથી ધોરણ 12 સુધીના શાળા શિક્ષણને સળંગ વ્યવસ્થા તરીકે જુએ છે.

2. તે માત્ર સરકારી પ્રાથમિક શાળાઓના ભૌતિક માળખાના વિકાસ પૂરતી મર્યાદિત છે.

3. તેમાં સમાવેશી શિક્ષણ, શિક્ષક-શિક્ષણ, ગુણવત્તા અને ડિજિટલ પહેલ માટે જોગવાઈ થઈ શકે છે.

4. તેમાં અગાઉની સર્વ શિક્ષા અભિયાન, RMSA અને Teacher Education જેવી કેન્દ્ર પ્રાયોજિત પ્રવૃત્તિઓનું એકીકરણ થયું છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

13. ભારતમાં શિક્ષણ દ્વારા 'વૈજ્ઞાનિક અભિગમ' (Scientific Temper) કેળવવાનો ઉદ્દેશ્ય બંધારણના કયા ભાગ સાથે સુસંગત છે?

(A) મૂળભૂત ફરજો (B) રાજ્યપાલની સત્તાઓ

(C) નાણાકીય કટોકટી (D) સંસદની કાર્યવાહી

14. શિક્ષણને રાજ્ય યાદીમાંથી સમવર્તી યાદીમાં કયા બંધારણીય સુધારાથી સ્થાનાંતરિત કરવામાં આવ્યું?

(A) 42મો બંધારણીય સુધારો (B) 44મો બંધારણીય સુધારો

(C) 73મો બંધારણીય સુધારો (D) 86મો બંધારણીય સુધારો

15. શિક્ષણના અધિકાર સાથે સંબંધિત અનુચ્છેદો અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. અનુચ્છેદ 21A 6થી 14 વર્ષની વયના તમામ બાળકોને રાજ્ય કાયદા દ્વારા નક્કી કરે તે રીતે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરે છે.
2. અનુચ્છેદ 45 છ વર્ષથી ઓછી વયના બાળકો માટે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ પૂરું પાડવા રાજ્યને પ્રયત્નશીલ રહેવાનું કહે છે.
3. અનુચ્છેદ 51A(k) 6થી 14 વર્ષના બાળકને શિક્ષણની તક પૂરી પાડવાની માતા-પિતા અથવા વાલીની મૂળભૂત ફરજ દર્શાવે છે.
4. ઉપરના ત્રણેય અનુચ્છેદોને વર્તમાન સ્વરૂપ આપવામાં 86મા બંધારણીય સુધારાની ભૂમિકા રહી છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2 અને 4
(D) 1, 2, 3 અને 4

16. એક જિલ્લામાં પુખ્ત સાક્ષરતા અભિયાન પૂર્ણ થયા પછીના મૂલ્યાંકનમાં નીચેની સ્થિતિ જોવા મળે છે:

1. 81% શીખનાર પોતાનું નામ લખી શકે છે.
2. 64% શીખનાર સરળ સૂચના વાંચીને તેનો અર્થ સમજાવી શકે છે.
3. 37% શીખનાર બેંકની જમા-પાવતી સ્વતંત્ર રીતે ભરી શકે છે.
4. 29% શીખનાર સ્થાનિક શાસનની લેખિત માહિતીના આધારે યોગ્ય નિર્ણય લઈ શકે છે.

આ માહિતીના આધારે સૌથી તર્કસંગત તારણ કયું છે?

(A) અભિયાન નિષ્ફળ છે, કારણ કે તમામ શીખનાર ચારેય પ્રકારનાં કાર્ય સફળતાપૂર્વક કરી શકતા નથી.
(B) આંકડા સાક્ષરતાનું મૂલ્યાંકન કરવા અપર્યાપ્ત છે, કારણ કે સાક્ષરતા માત્ર લેખિત પરીક્ષાથી જ માપી શકાય છે.
(C) કાર્યાત્મક સાક્ષરતા સંતોષકારક છે, પરંતુ માત્ર હસ્તાક્ષર કરવાની ક્ષમતામાં વિશેષ સુધારાની જરૂર છે.
(D) મૂળાક્ષર-સાક્ષરતા પ્રમાણમાં વિકસેલી છે, પરંતુ કાર્યાત્મક અને વિવેચનાત્મક સાક્ષરતામાં નોંધપાત્ર અંતર છે.

17. નીચેની કામગીરીનો તર્કસંગત ક્રમ કયો છે?

1. પરિણામ અને ઉપયોગનું મૂલ્યાંકન
2. સ્થાનિક જરૂરિયાત અને શીખનારાઓની ઓળખ
3. સંદર્ભિત અભ્યાસક્રમ તથા સમયયોજના
4. સ્વયંસેવકોની તૈયારી અને શિક્ષણકાર્ય
5. અનુવર્તી નિરંતર શિક્ષણ

(A) 2–3–4–1–5
(B) 3–2–4–5–1
(C) 2–4–3–1–5
(D) 4–2–3–5–1

18. ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિકાસ અને સંચાલન સાથે સીધી રીતે સંકળાયેલી કચેરી કઈ છે?

(A) કમિશનરેટ ઑફ સ્કૂલ્સ
(B) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(C) સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી
(D) ટેક્નિકલ પરીક્ષા બોર્ડ

19. PM SHRI Schools યોજના અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તે પસંદ કરાયેલી વર્તમાન શાળાઓને NEP–2020ના અમલીકરણનું ઉદાહરણરૂપ સ્વરૂપ આપવા પ્રયત્ન કરે છે.
2. તે સમગ્ર દેશમાં તમામ નવી ખાનગી શાળાઓ સ્થાપવાની યોજના છે.
3. પસંદગીમાં પડકાર પદ્ધતિ અને નિર્ધારિત માપદંડોનો ઉપયોગ થાય છે.
4. PM SHRI શાળા પોતાની આસપાસની અન્ય શાળાઓને માર્ગદર્શન આપતી exemplar school તરીકે કાર્ય કરી શકે છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1 અને 4
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1, 2 અને 3

20. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) અંગે નીચેમાંથી કયું વર્ણન સૌથી વધુ ચોક્કસ છે?

(A) દરેક વર્ગની શહેરી વિદ્યાર્થિની માટેની મેરિટ-આધારિત સ્કૂલ યોજના

(B) વંચિત સમૂહોની વિદ્યાર્થિનીઓ માટે રહેણાક આધારિત શૈક્ષણિક સહાય યોજના

(C) માત્ર ધોરણ 11–12ના વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓને રોકડ સહાય આપતી યોજના

(D) સહશિક્ષણ ધરાવતી તમામ ખાનગી શાળાઓને hostel grant આપતી યોજના

21. અધિકારી તાત્કાલિક પરિસ્થિતિમાં નિયમિત પરામર્શ વિના નિર્ણય લે છે. નિર્ણયની વહીવટી વૈધતા આંકવા સૌથી યોગ્ય કસોટી કઈ છે?

(A) નિર્ણય લોકપ્રિય હતો, નુકસાન ટળ્યું અને કોઈ લેખિત ફરિયાદ નોંધાઈ નહીં.

(B) અધિકારીનો હેતુ સારો હતો, નિર્ણય ઝડપી હતો અને પરિણામ સકારાત્મક આવ્યું.

(C) વરિષ્ઠ અધિકારીએ મૌખિક સમર્થન આપ્યું અને અધિકારીએ નિર્ણયનો અમલ કર્યો.

(D) સત્તા, તાત્કાલિકતા, પ્રમાણસરતા, નોંધાયેલ કારણ અને અનુસમીક્ષાની વ્યવસ્થા ઉપલબ્ધ હતી.

22. NIPUN Bharatના અમલીકરણ દરમિયાન જિલ્લામાં નીચેની પરિસ્થિતિ જોવા મળે છે:

1. ધોરણવાર પાઠ્યપુસ્તક પૂર્ણ થાય છે.
2. ઘણા બાળકો પોતાના વર્તમાન ક્ષમતાસ્તરથી નીચું વાંચે છે.
3. શિક્ષકો પાસે વિદ્યાર્થીવાર નિદાનાત્મક માહિતી ઉપલબ્ધ નથી.
4. વાર્ષિક પરીક્ષાના સરેરાશ ગુણ સંતોષકારક છે.

જિલ્લા અધિકારી માટે સૌથી યોગ્ય નિર્ણય કયો છે?

(A) વાર્ષિક સરેરાશ સંતોષકારક હોવાથી કોઈ વિશેષ હસ્તક્ષેપ જરૂરી નથી.

(B) ધોરણ 3 માટે વધુ કઠિન સમાપન પરીક્ષા શરૂ કરવી.

(C) વિદ્યાર્થીવાર મૂળભૂત ક્ષમતાનું નિદાન કરી, સ્તરાનુરૂપ શિક્ષણ અને આવર્તક પ્રગતિ-આકલન ગોઠવવું.

(D) પાઠ્યપુસ્તક પૂર્ણ કરવાની સમયમર્યાદા વધુ કડક કરવી.

23. એક જિલ્લામાં નીચેની સમસ્યાઓ ઓળખાઈ છે:

- ધોરણ 3માં વાંચન-સંખ્યાજ્ઞાન નબળું છે.
- દૂરના વિસ્તારોમાં શિક્ષણસામગ્રીની ડિજિટલ પહોંચ મર્યાદિત છે.
- ધોરણ 9 પછી કન્યાઓનો શાળા-ત્યાગ વધારે છે.
- માત્ર પ્રાથમિક શાળાના બાળકોમાં પોષણની સમસ્યા છે.

સૌથી યોગ્ય યોજના અભિસરણ (scheme convergence) કયું છે?

(A) NIPUN Bharat–PM e-VIDYA–નમો લક્ષ્મી–PM POSHAN

(B) PM SHRI–DIKSHA–નમો સરસ્વતી–KGBV

(C) NIPUN Bharat–PM SHRI–નમો સરસ્વતી–સમગ્ર શિક્ષા

(D) સમગ્ર શિક્ષા–PM POSHAN–નમો સરસ્વતી–PM e-VIDYA

24. 'પીએમ ઈ-વિદ્યા' (PM eVidya) પહેલ હેઠળ 'વન ક્લાસ, વન ટીવી ચેનલ' કાર્યક્રમ અંતર્ગત સ્વયંપ્રભા (Swayam Prabha) ડીટીએચ ચેનલોની સંખ્યા વધારીને કેટલી કરવામાં આવી છે?

(A) ૨૫ થી વધારીને ૫૦

(B) ૧૨ થી વધારીને ૨૦૦

(C) ૫૦ થી વધારીને ૧૦૦

(D) ૧૦ થી વધારીને ૨૦

25. અનામી ફરિયાદમાં ગંભીર આરોપ છે, પરંતુ પ્રાથમિક પુરાવો અપૂર્ણ છે. નૈતિક અને ન્યાયસંગત વહીવટી પ્રતિભાવ કયો છે?

(A) અનામી ફરિયાદ હોવાથી તેને નોંધ્યા વિના બંધ કરવી અને પ્રમાણિત ઓળખ સાથે ફરી રજૂ કરવા જણાવવું.

(B) આરોપ ગંભીર હોવાથી સંબંધિત કર્મચારીને તાત્કાલિક દોષિત માની સંવેદનશીલ જવાબદારીથી દૂર કરવો.

(C) આરોપનું મર્યાદિત પ્રાથમિક સત્યાપન કરી, પુરાવો મળે તો નિષ્પક્ષ પ્રક્રિયા અને પ્રતિભાવની તક આપવી.

(D) ફરિયાદની નકલ આરોપીને આપી, ફરિયાદ ખોટી સાબિત થાય તો ફરિયાદી સામે કાર્યવાહી જાહેર કરવી.

26. જાહેર વહીવટના પ્રખ્યાત સંક્ષિપ્ત શબ્દ 'POSDCORB' ના જનક કોણ છે અને તેમાં 'CO' શું દર્શાવે છે?

(A) વુડ્રો વિલ્સન - Command

(B) લ્યુથર ગુલિક - Coordinating

(C) હર્બર્ટ સિમોન - Communication

(D) મેક્સ વેબર – Control

27. જાહેર વહીવટના પિતા (Father of Public Administration) તરીકે કોને ઓળખવામાં આવે છે, જેમણે ૧૮૮૭ માં પોતાના નિબંધ "The Study of Administration" દ્વારા રાજકારણ અને વહીવટના વિભાજન (Politics-Administration Dichotomy) ની હિમાયત કરી હતી?

(A) વુડ્રો વિલ્સન

(B) ફ્રેડરિક ટેલર

(C) કૌટિલ્ય

(D) એલ્ટન મેયો

28. એક જિલ્લા શિક્ષણાધિકારી (DEO) તરીકે તમારી કચેરીમાં એક અરજદાર દ્વારા માંગવામાં આવેલી માહિતી ત્રીજા પક્ષકાર (Third Party Information) ની ગોપનીય બાબતો સાથે સંકળાયેલી છે. RTI એક્ટની કઈ કલમ હેઠળ તમે ત્રીજા પક્ષકારને નોટિસ આપી તેનો અભિપ્રાય માંગશો?

(A) કલમ ૧૧

(B) કલમ ૫

(C) કલમ ૭

(D) કલમ ૨૦

29. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ સનદી સેવાઓના અધિકારીઓને મનસ્વી રીતે નોકરીમાંથી બરતરફ કરવા કે હોદ્દો ઘટાડવા સામે બંધારણીય રક્ષણ (Doctrine of Pleasure ની મર્યાદાઓ) પૂરું પાડવામાં આવ્યું છે?

(A) અનુચ્છેદ ૧૪

(B) અનુચ્છેદ ૨૮૦

(C) અનુચ્છેદ ૩૧૧

(D) અનુચ્છેદ ૩૫૬

30. ‘ઈ-ગવર્નન્સ' (E-Governance) ના અમલીકરણથી વહીવટમાં આવતા મુખ્ય પરિવર્તનો 'SMART Governance' તરીકે ઓળખાય છે. અહીં SMART નો સાચો અર્થ શો છે?

(A) Simple, Moral, Accountable, Responsive, Transparent

(B) Slow, Modern, Active, Rigid, Technical

(C) Secret, Money, Action, Real, Time

(D) Strong, Mechanical, Automatic, Remote, Tough

31. બીજા વહીવટી સુધારણા પંચ ($2^{nd}$ ARC) ના અધ્યક્ષ કોણ હતા, જેમના અહેવાલોમાં "Ethics in Governance" અને "Citizen Centric Administration" પર વિશેષ ભલામણો કરવામાં આવી હતી?

(A) એમ. વીરપ્પા મોઈલી

(B) મોરારજી દેસાઈ

(C) પી. સી. હોટા

(D) ડૉ. કસ્તૂરીરંગન

32. નીચેના પૈકી કયું જોડકું યોગ્ય રીતે સુસંગત છે?

(A) હન્ટર કમિશન – યુનિવર્સિટી શિક્ષણ માટે UGCની સ્થાપના

(B) રેલે કમિશન – ભારતીય યુનિવર્સિટીઓની સ્થિતિ અને રચનાની સમીક્ષા

(C) સેડલર કમિશન – પ્રાથમિક શિક્ષણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને સોંપવું

(D) હાર્ટોગ સમિતિ – 10+2+3નું રાષ્ટ્રીય માળખું

33. શિક્ષણપંચની ભલામણોનું મૂલ્યાંકન કરતાં નીચેના પૈકી કઈ ભૂલ સૌથી ગંભીર છે?

(A) ભલામણને તેના સમયના સામાજિક અને આર્થિક સંદર્ભમાં વાંચવી

(B) સ્વીકારેલી અને અમલમાં આવેલી ભલામણ વચ્ચે ભેદ કરવો

(C) પંચની ભલામણને તે જ ક્ષણથી અમલમાં આવેલ કાયદેસર જોગવાઈ માનવી

(D) અનુગામી નીતિઓમાં ભલામણનું બદલાયેલ સ્વરૂપ શોધવું

34. બે અલગ શિક્ષણપંચોએ સમાન શૈક્ષણિક સમસ્યા માટે અલગ ઉપાય સૂચવ્યા. અધિકારીએ તેમને કેવી રીતે સમજવા જોઈએ?

(A) જે પંચ વધુ તાજેતરનો હોય તેની ભલામણ ઐતિહાસિક રીતે અને સિદ્ધાંતતઃ આપોઆપ શ્રેષ્ઠ ગણવી.

(B) જે ભલામણ વર્તમાન નીતિમાં જોવા મળે તેને મૂળ પંચની સૌથી યોગ્ય ભલામણ માનવી.

(C) બંને ભલામણનો સરેરાશ અભિગમ લઈને સંયુક્ત અને તટસ્થ સ્થિતિ રચવી.

(D) સમસ્યાની વ્યાખ્યા, સમયસંદર્ભ, પુરાવા, મૂલ્યાધાર અને અમલીકરણ-ધારણાની તુલના કરવી.

35. ભારતમાં શિક્ષણ ક્ષેત્રે જીડીપી (GDP) ના ૬% નાણાં ખર્ચ કરવાની ભલામણ સૌપ્રથમ કયા પંચે કરી હતી?

(A) કોઠારી કમિશન (૧૯૬૪-૬૬)

(B) રાધાકૃષ્ણન પંચ (૧૯૪૮)

(C) જ્ઞાન આયોગ (૨૦૦૫)

(D) સેડલર કમિશન (૧૯૧૭)

36. જિલ્લામાં વિદ્યાર્થીઓનું પરીક્ષાકીય પરિણામ ઊંચું છે, પરંતુ વૈવિધ્ય પ્રત્યે અસહિષ્ણુતા, જાહેર સંપત્તિ પ્રત્યે બેદરકારી અને સહયોગી સમસ્યા-ઉકેલની ક્ષમતા નબળી જોવા મળે છે. શિક્ષણના કાર્યોના સંદર્ભમાં સૌથી યોગ્ય તારણ કયું છે?

(A) શાળાઓએ જ્ઞાનાત્મક કાર્ય સફળતાપૂર્વક કર્યું હોવાથી બાકીનાં પરિણામો પરિવાર અને સમાજની જવાબદારી ગણાય.

(B) શિક્ષણનું પ્રમાણપત્રાત્મક કાર્ય સફળ છે, પરંતુ તેના સામાજિક, નાગરિક અને મૂલ્યાત્મક કાર્યો અધૂરાં રહ્યાં છે.

(C) ઉચ્ચ પરીક્ષાપરિણામ શિક્ષણનાં મુખ્ય કાર્યો પૂર્ણ થયાનો પૂરતો પુરાવો છે; અન્ય પરિણામો સહઅભ્યાસિક છે.

(D) સમસ્યા અભ્યાસક્રમની નહીં પરંતુ વિદ્યાર્થી-પસંદગીની છે; પ્રવેશ સમયે વલણકસોટી જરૂરી બને છે.

37. શિક્ષણના ઉદ્દેશ્યોના વર્ગીકરણમાં 'બેન્જામિન બ્લૂમ ટેક્સોનોમી' (Benjamin Bloom's Taxonomy) ના ત્રણ મુખ્ય ક્ષેત્રો (Domains of Learning) કયા છે?

(A) જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક

(B) વાંચન, લેખન, ગણન

(C) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર

(D) સત્ય, અહિંસા, અસ્તેય

38. વૈશ્વિક શિક્ષણમાં 'ડિઝાઇન થિંકિંગ' (Design Thinking in Education) ના પાંચ ક્રમિક તબક્કાઓ કયા છે?

(A) Empathize → Define → Ideate → Prototype → Test

(B) Read → Write → Memorize → Exam → Pass

(C) Plan → Order → Force → Check → Punish

(D) Dream → Sleep → Wake → Run → Stop

39. બંધારણના અનુચ્છેદ ૩૫૦-B હેઠળ 'ભાષાકીય લઘુમતીઓ માટે વિશેષ અધિકારી' (Special Officer for Linguistic Minorities) ની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે?

(A) ભારતના વડાપ્રધાન

(B) ભારતના રાષ્ટ્રપતિ

(C) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

(D) યુજીસીના ચેરમેન

40. “શિક્ષણ” અને “પ્રશિક્ષણ” વચ્ચે સૌથી યોગ્ય તફાવત કયો છે?

(A) શિક્ષણ હંમેશાં સૈદ્ધાંતિક હોય છે, જ્યારે પ્રશિક્ષણમાં માત્ર શારીરિક કુશળતા વિકસાવવામાં આવે છે.

(B) શિક્ષણ શાળામાં અને પ્રશિક્ષણ કાર્યસ્થળે થાય છે; બંનેનું સ્થાન તેમના સ્વરૂપને નક્કી કરે છે.

(C) પ્રશિક્ષણ ચોક્કસ કાર્યક્ષમતાને કેન્દ્રમાં રાખી શકે છે, જ્યારે શિક્ષણનો હેતુ વધુ વ્યાપક સમજ અને વિવેક પણ છે.

(D) શિક્ષણમાં મૂલ્યાંકન વૈકલ્પિક છે, જ્યારે પ્રશિક્ષણમાં નિર્ધારિત કાર્યક્ષમતાની કસોટી અનિવાર્ય છે.

41. 'અધ્યયનની પ્રકૃતિ' (Nature of Learning) સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન અસત્ય છે?

(A) અધ્યયન આજીવન ચાલતી સતત પ્રક્રિયા છે.

(B) અધ્યયન માત્ર વર્ગખંડમાં પુસ્તકો વાંચવા પૂરતું જ સીમિત હોય છે.

(C) અધ્યયન હંમેશા હેતુપૂર્ણ અને ધ્યેયલક્ષી હોય છે.

(D) અધ્યયન વ્યક્તિગત તેમજ સામાજિક સંદર્ભોમાં ઘડાય છે.

42. 'વિવેચનાત્મક શિક્ષણશાસ્ત્ર' (Critical Pedagogy) ના પ્રણેતા પાઉલો ફ્રેરે (Paulo Freire) એ પોતાની પ્રખ્યાત કૃતિ "Pedagogy of the Oppressed" માં પરંપરાગત શિક્ષણ પદ્ધતિને કઈ સંજ્ઞા આપી હતી?

(A) બેંકિંગ મોડેલ

(B) સહકારી મોડેલ

(C) મુક્ત અધ્યયન મોડેલ

(D) વૈજ્ઞાનિક પ્રયોગ મોડેલ

43. 'સંરચનાવાદી શિક્ષણશાસ્ત્ર' (Constructivist Pedagogy) ના 5E મોડેલ (Bybee et al.) નો સાચો ક્રમિક તબક્કો કયો છે?

(A) Evaluate → Explain → Engage → Explore → Elaborate

(B) Engage → Explore → Explain → Elaborate → Evaluate

(C) Explore → Engage → Elaborate → Explain → Evaluate

(D) Explain → Engage → Explore → Evaluate → Elaborate

44. બે વિદ્યાર્થીઓને સમાન ગુણ મળે છે. એક વિદ્યાર્થી કાર્ય ઝડપથી કરે છે પરંતુ પોતાની ભૂલ ઓળખતો નથી; બીજો ધીમે કરે છે પરંતુ વ્યૂહરચના તપાસે છે. શિક્ષકે કઈ ક્ષમતાનું અલગ મૂલ્યાંકન કરવું જોઈએ?

(A) સામાન્ય બુદ્ધિ, કારણ કે સમાન ગુણ છતાં પ્રક્રિયાની ઝડપમાં તફાવત છે.

(B) અધિસંજ્ઞાન, કારણ કે આયોજન, સ્વનિરીક્ષણ અને સુધારાની ક્ષમતામાં તફાવત છે.

(C) સિદ્ધિ-પ્રેરણા, કારણ કે ધીમું કાર્ય વધુ પ્રયાસ અને ઝડપી કાર્ય ઓછો પ્રયાસ દર્શાવે છે.

(D) કાર્યકારી સ્મૃતિ, કારણ કે પોતાની ભૂલ ન ઓળખવી સ્મૃતિની મર્યાદાનો સીધો પુરાવો છે.

45. Concept Attainment Modelમાં નીચેના તબક્કાઓ ગોઠવવાના છે:

1. વિદ્યાર્થીઓ અનુમાનિત ખ્યાલની લાક્ષણિકતાઓ ઓળખે.

2. શિક્ષક “હા–ઉદાહરણ” અને “ના–ઉદાહરણ” રજૂ કરે.

3. વિદ્યાર્થીઓ નવા ઉદાહરણોનું યોગ્ય વર્ગીકરણ કરીને ખ્યાલ ચકાસે.

4. વિદ્યાર્થીઓ પોતાની વિચારપ્રક્રિયા અને ઉપયોગમાં આવેલી વ્યૂહરચના વિશ્લેષે.

સૌથી યોગ્ય ક્રમ કયો છે?

(A) $2 \rightarrow 1 \rightarrow 3 \rightarrow 4$
(B) $1 \rightarrow 2 \rightarrow 4 \rightarrow 3$
(C) $2 \rightarrow 3 \rightarrow 1 \rightarrow 4$
(D) $1 \rightarrow 3 \rightarrow 2 \rightarrow 4$

46. અધ્યાપન મોડેલના “Syntax”નો અર્થ કયો છે?

(A) મોડેલના અમલ માટે જરૂરી ભૌતિક સાધન, શૈક્ષણિક સામગ્રી અને વર્ગખંડ-સુવિધાનું સુવ્યવસ્થિત માળખું

(B) મોડેલમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સત્તા, સહકાર, જવાબદારી અને નિર્ણય-વહેંચણીનું સુવ્યવસ્થિત માળખું

(C) મોડેલના તબક્કાઓ, શિક્ષણક્રિયાઓ અને અધ્યયનપ્રવૃત્તિઓનો નિર્ધારિત અથવા તર્કસંગત ક્રમ

(D) મોડેલના ઉપયોગથી થનારા સીધા શૈક્ષણિક પરિણામ અને પરોક્ષ વ્યક્તિગત પરિણામનું તર્કસંગત માળખું

47. Kohlbergના conventional reasoningનું સૌથી યોગ્ય ઉદાહરણ કયું છે?

(A) “નિયમ તોડવાથી મને દંડ થશે, તેથી નિયમ પાળવો જોઈએ.”

(B) “મને લાભ મળશે તો હું પણ તમને મદદ કરીશ.”

(C) “સારા સંબંધ અને સામાજિક વ્યવસ્થા જાળવવા માન્ય નિયમ તથા ફરજનું પાલન કરવું જોઈએ.”

(D) “કાયદો મૂળભૂત ન્યાયના સિદ્ધાંતનો ભંગ કરે તો વ્યક્તિગત રીતે નિર્ધારિત સર્વમાન્ય સિદ્ધાંત ઉપર વિચાર કરવો જોઈએ.”

48. Kohlbergના નૈતિક વિકાસના સ્તરોનો યોગ્ય ક્રમ કયો છે?

(A) Conventional → Pre-conventional → Post-conventional

(B) Pre-conventional → Post-conventional → Conventional

(C) Post-conventional → Conventional → Pre-conventional

(D) Pre-conventional → Conventional → Post-conventional

49. Eriksonના psychosocial theoryમાં શાળાવયના બાળક માટે મુખ્ય વિકાસાત્મક દ્વંદ્વ કયું છે?

(A) Initiative versus guilt—સ્વયં પ્રવૃત્તિ શરૂ કરવી કે પોતાની ઇચ્છા અંગે દોષભાવ અનુભવવો

(B) Industry versus inferiority—કાર્યમાં નિપુણતા અને ઉત્પાદકતાનો અનુભવ કરવો કે અસમર્થતાની લાગણી વિકસાવવી

(C) Identity versus role confusion—વ્યક્તિગત મૂલ્ય, વ્યવસાય અને સામાજિક ઓળખ અંગે સ્થિરતા શોધવી

(D) Autonomy versus shame—સ્વતંત્ર નિયંત્રણ વિકસાવવું કે પોતાની ક્રિયા અંગે શરમ અને શંકા અનુભવવી

50. વિકાસના સિદ્ધાંતો અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. વિકાસ સામાન્ય ક્રમ અનુસરી શકે છે, પરંતુ તેની ગતિમાં વ્યક્તિગત તફાવત રહે છે.

2. વિકાસના જુદા ક્ષેત્રો પરસ્પર અસર કરી શકે છે.

3. ચોક્કસ વયે દરેક બાળક સમાન ક્ષમતા અનિવાર્યપણે પ્રદર્શિત કરે છે.

4. શરૂઆતના અનુભવો મહત્વપૂર્ણ છે, પરંતુ પછીના સહાયક અનુભવથી પરિવર્તનની શક્યતા રહે છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

51. મૂલ્યશિક્ષણ અંગે નીચેના વિધાનો વિચારો:

1. મૂલ્યનું નામ અને વ્યાખ્યા યાદ રાખવી મૂલ્ય આત્મસાત્ થયાનો પૂરતો પુરાવો નથી.
2. શાળાની વાસ્તવિક વ્યવહારસંસ્કૃતિ પાઠ્યપુસ્તકમાં શીખવાતા મૂલ્યોને મજબૂત કે નબળા બનાવી શકે છે.
3. યોગ્ય મૂલ્ય વિદ્યાર્થી પર લાદવામાં આવે તો વર્તનમાં સ્થાયી પરિવર્તન વધુ ઝડપથી આવે છે.
4. મૂલ્યાત્મક દ્વિધામાં કારણસભર પસંદગી અને વર્તનની સાતત્યતા મહત્વના પુરાવા છે.

(A) માત્ર 1, 2 અને 4 સાચાં છે.
(B) માત્ર 1, 3 અને 4 સાચાં છે.
(C) માત્ર 2 અને 3 સાચાં છે.
(D) ચારેય વિધાન સાચાં છે.

52. વિદ્યાર્થી પર્યાવરણ-સંરક્ષણના સિદ્ધાંતને સારી રીતે સમજાવે છે, પરંતુ શાળામાં પાણીનો બગાડ કરે છે. સૌથી ચોક્કસ તારણ કયું છે?

(A) સિદ્ધાંતની સમજ નકલી છે, કારણ કે સાચું જ્ઞાન હંમેશાં તરત જ અનુરૂપ વર્તન સર્જે છે.
(B) પર્યાવરણનું જ્ઞાન છે, પરંતુ પાણી-સંરક્ષણનો સંબંધિત સંકલ્પ ખોટી રીતે શીખ્યો છે.
(C) વર્તનમાં ફેરફાર ન હોવાથી તથ્ય, સંકલ્પના અને સિદ્ધાંત—ત્રણેયનું અધ્યયન થયું નથી.
(D) જ્ઞાનાત્મક સમજ અને મૂલ્યાત્મક પ્રતિબદ્ધતા વચ્ચે અંતર છે; વ્યવહારિક પરિસ્થિતિ અને આદત પણ તપાસવી જોઈએ.

53. વિજ્ઞાન મેળામાં કયો પ્રોજેક્ટ વૈજ્ઞાનિક માનસનું સૌથી મજબૂત પ્રદર્શન કરે છે?

(A) તૈયાર working modelનું આકર્ષક પ્રદર્શન, જેમાં વિદ્યાર્થી રચનાની પ્રક્રિયા અને કાર્યપદ્ધતિ શબ્દશઃ સમજાવે
(B) ઈન્ટરનેટ પરથી એકત્ર કરેલી વિશાળ માહિતીનું સુંદર વર્ગીકરણ, જેમાં બધા મુદ્દા-દાવા માટે websiteની યાદી આપવામાં આવે
(C) સ્પષ્ટ પ્રશ્ન, ચકાસી શકાય તેવું અનુમાન, નિયંત્રિત અવલોકન, ડેટા, મર્યાદા અને વિરોધી પરિણામની પ્રામાણિક ચર્ચા
(D) સામાજિક સમસ્યાનો નવીન ઉકેલ, જેમાં સફળ પરિણામ દર્શાવાય પરંતુ નિષ્ફળતા, તુલના અને માપન નોંધવામાં ન આવે

54. વૈજ્ઞાનિક માનસ (Scientific temper)ની સૌથી ચોક્કસ ઓળખ કઈ છે?

(A) વિજ્ઞાનના પ્રમાણિત તથ્યો અને સૂત્રોનું ચોક્કસ સ્મરણ તથા વૈજ્ઞાનિક સંસ્થાઓના નિવેદનનું નિયમિત સ્વીકાર

(B) પ્રયોગશાળામાં સાધનો વાપરવાની કુશળતા તથા પાઠ્યપુસ્તકની પ્રમાણભૂત પ્રક્રિયાનું યોગ્ય અનુપાલન

(C) પરંપરાગત માન્યતાઓનો સ્વભાવતઃ અસ્વીકાર તથા આધુનિક ટેક્નોલોજી પ્રત્યે મૂળભૂત રીતે સકારાત્મક વલણ

(D) પ્રશ્ન પૂછવો, પુરાવા ચકાસવા, વિકલ્પીય સમજૂતી વિચારવી અને નવા પુરાવા પ્રમાણે માન્યતા સુધારવાની તૈયારી

55. "મનોવલણ"ની સૌથી યોગ્ય સમજ કઈ છે?

(A) કોઈ વિષય અંગેનું તથ્યજ્ઞાન, જે સાચું અથવા ખોટું હોય અને સીધા recall testથી સંપૂર્ણપણે માપી શકાય

(B) વ્યક્તિ, વસ્તુ અથવા મુદ્દા પ્રત્યે વિચાર, લાગણી અને વર્તનપ્રવૃત્તિ સાથે જોડાયેલ પ્રમાણમાં સ્થિર પરંતુ પરિવર્તનક્ષમ વલણ

(C) વ્યક્તિનું બહારથી દેખાતું એકલ વર્તન, જે પરિસ્થિતિથી સ્વતંત્ર રહી તેના સ્થિર સ્વભાવને નિર્વિવાદ દર્શાવે

(D) સમાજે યોગ્ય ગણાવેલા મૂલ્યનું મૌખિક સમર્થન, જે સ્વીકાર થયા પછી દરેક પરિસ્થિતિમાં સમાન વર્તન ઊભું કરે

56. શાળામાં બે જૂથો વચ્ચે સંઘર્ષ છે. એક જૂથ "વરિષ્ઠતાનો આદર" અને બીજું "કાર્યક્ષમતાને પ્રાથમિકતા" માગે છે. યોગ્ય સંઘર્ષ નિવારણ કયું છે?

(A) કાયદેસર નિયમ સાથે કાર્યના હેતુ અને બંને જૂથના અંતર્નિહિત હિતોને સ્પષ્ટ કરીને સ્વીકાર્ય માપદંડ ઘડવો.

(B) જૂથોમાં સંબંધ ન બગડે તે માટે વરિષ્ઠતા અને કાર્યક્ષમતાને દરેક નિર્ણયમાં સમાન વજન આપવું.

(C) બહુમતી જૂથની પસંદગી સ્વીકારી અલ્પમતી જૂથને અપીલની તક આપવી.

(D) વિવાદિત જવાબદારી તૃતીય વ્યક્તિને સોંપીને બંને જૂથને નિર્ણયથી સમાન અંતરે રાખવાં.

57. સંસ્થાગત કામગીરી અનૂસાર યોગ્ય જોડીના વિકલ્પની પસંદગી કરો.

| | | | |
|---|---|---|---|
| (i) | CBSE Innovation Cell | (a) | રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અભ્યાસક્રમ વિકાસ અને માર્ગદર્શન |
| (ii) | વિદ્યાસમીક્ષા કેન્દ્ર | (b) | શિક્ષક તાલીમકર્તા સંસ્થાઓને માન્યતા આપવી |
| (iii) | રાજ્ય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ | (c) | મૂલ્યાંકન અને ડેટા દ્વારા શિક્ષણ સુધારણા |
| (iv) | NCTE | (d) | શિક્ષણ ક્ષેત્રે નવીનતા |
| (v) | NCERT | (e) | અભ્યાસક્રમનું સંશોધન અને શિક્ષક તાલીમ |

(A) i – e, ii – a, iii – b, iv – c, v – d

(B) i – b, ii – e, iii – c, iv – a, v – d

(C) i – d, ii – e, iii – b, iv – c, v – a

(D) i – d, ii – c, iii – e, iv – b, v – a

58. વિદ્યાર્થી “લોકશાહી”ને ફક્ત “ચૂંટણી યોજાય તેવું શાસન” તરીકે ઓળખે છે. તેની સમજ વિસ્તૃત કરવા સૌથી યોગ્ય પ્રવૃત્તિ કઈ છે?

(A) વિવિધ દેશોની ચૂંટણીની તારીખ, પક્ષસંખ્યા અને મતદાન ટકાવારીની માહિતી યાદ કરાવી તુલનાત્મક યાદી બનાવવી

(B) લોકશાહીની પ્રમાણભૂત વ્યાખ્યા વારંવાર લખાવી, દરેક મુખ્ય શબ્દનો સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દ શોધાવવો

(C) ચૂંટણી સાથે અધિકાર, જવાબદારી, કાયદાનું શાસન, પ્રતિનિધિત્વ અને સ્વતંત્રતાના જુદા કેસનું વિશ્લેષણ કરાવવું

(D) લોકશાહી અને બિનલોકશાહી દેશોની તૈયાર યાદી આપી, નામ ના આધારે બંને પ્રકારનું વર્ગીકરણ કરાવવું

59. તથ્યનું સ્મરણ અને તથ્યની સમજ વચ્ચેનો સૌથી યોગ્ય સંબંધ કયો છે?

(A) તથ્ય યાદ હોય એટલે તેનો અર્થ, મહત્વ અને ઉપયોગ આપમેળે સમજાઈ જાય છે.

(B) સમજ વિકસે પછી ચોક્કસ તથ્યનું સ્મરણ કોઈપણ શૈક્ષણિક હેતુ માટે જરૂરી રહેતું નથી.

(C) તથ્ય અને સમજ બે સ્વતંત્ર ક્ષેત્ર હોવાથી એકનું અધ્યાપન બીજાની learningને અસર કરતું નથી.

(D) તથ્યજ્ઞાન સમજ માટે આધાર આપી શકે છે, પરંતુ સંબંધ, કારણ અને ઉપયોગ દર્શાવ્યા વિના સ્મરણ એકલું પૂરતું નથી.

60. શિક્ષણમાં 'મૂલ્યોનું આંતરિકીકરણ' (Internalization of Values) ક્રાથવોલ (Krathwohl) ના ભાવાત્મક ક્ષેત્ર (Affective Domain) અનુસાર કયા સર્વોચ્ચ તબક્કે સંપન્ન થાય છે?

(A) ગ્રહણ કરવું (Receiving)

(B) પ્રતિભાવ આપવો (Responding)

(C) કદરાંકન (Valuing)

(D) ચારિત્ર્ય નિર્માણ (Characterization)

61. 'મૂલ્ય સ્પષ્ટીકરણ અભિગમ' (Values Clarification Approach - Raths, Harmin & Simon) ના ત્રણ મુખ્ય તબક્કા કયા છે?

(A) Choosing $\rightarrow$ Prizing $\rightarrow$ Acting

(B) Read $\rightarrow$ Write $\rightarrow$ Memorize

(C) Fear $\rightarrow$ Obey $\rightarrow$ Forget

(D) Preach $\rightarrow$ Force $\rightarrow$ Punish

62. 'વૈજ્ઞાનિક માનસ' ધરાવતી વ્યક્તિની મુખ્ય નૈતિક લાક્ષણિકતા કઈ હોય છે?

(A) પોતાના મંતવ્યને જ અંતિમ સત્ય માનવું અને અન્યોની દલીલો ફગાવી દેવી.

(B) વિજ્ઞાન સિવાયના તમામ વિષયોને નકામા ગણવા. અવૈજ્ઞાનિક વાત તેમને અકળાવે.

(C) જ્યારે નવા પુરાવા પોતાની માન્યતાથી વિરુદ્ધ આવે ત્યારે પોતાના વિચારો બદલવાની નમ્રતા અને હિંમત દાખવવી.

(D) સિધ્ધાંતો, નિયમો વિશે માત્ર અંગ્રેજીમાં જ વાત કરવી.

63. એરિક એરિક્સન અનુસાર કિશોરાવસ્થા (Adolescence - ૧૨ થી ૧૮ વર્ષ) દરમિયાન કિશોર કયા ગંભીર સંકટમાંથી પસાર થાય છે?

(A) પહેલ વિરુદ્ધ અપરાધભાવ (Initiative vs. Guilt)

(B) ઓળખ વિરુદ્ધ ભૂમિકા ગૂંચવણ / અસમંજસ (Identity vs. Role Confusion)

(C) સ્વાયત્તતા વિરુદ્ધ શરમ (Autonomy vs. Shame)

(D) ઘનિષ્ઠતા વિરુદ્ધ એકલતા (Intimacy vs. Isolation)

64. લોરેન્સ કોહલબર્ગ (Lawrence Kohlberg) ના 'નૈતિક વિકાસના સિદ્ધાંત' મુજબ 'સારા છોકરા/સારી છોકરી' (Good Boy - Nice Girl Orientation) નું વલણ કયા સ્તરે જોવા મળે છે?

(A) પૂર્વ-પરંપરાગત સ્તર (Pre-Conventional Level)

(B) પરંપરાગત સ્તર (Conventional Level)

(C) ઉત્તર-પરંપરાગત સ્તર (Post-Conventional Level)

(D) સાર્વત્રિક નૈતિક સિદ્ધાંત સ્તર

65. ઉરી બ્રોનફેનબ્રેનર (Urie Bronfenbrenner) ના 'ઇકોલોજીકલ સિસ્ટમ્સ સિદ્ધાંત' મુજબ બાળકના વિકાસ પર પ્રત્યક્ષ અને સૌથી નિકટવર્તી અસર કરતું પર્યાવરણ કયું છે?

(A) માઇક્રોસિસ્ટમ (Microsystem - પરિવાર, શાળા, સમવયસ્કો, પડોશ)

(B) મેક્રોસિસ્ટમ (Macrosystem - વ્યાપક સંસ્કૃતિ અને કાયદા)

(C) એક્સોસિસ્ટમ (Exosystem - માતાપિતાનું કાર્યસ્થળ)

(D) ક્રોનોસિસ્ટમ (Chronosystem - ઐતિહાસિક સમય)

66. કિશોરાવસ્થામાં 'સાથી જૂથનું દબાણ' (Peer Pressure) વિદ્યાર્થીના વર્તન પર કેવી અસર પાડે છે?

(A) તે નકારાત્મક રીતે પ્રભાવિત કરી શકે છે.

(B) તે સકારાત્મક અથવા નકારાત્મક બંને રીતે પ્રભાવિત કરી શકે છે.

(C) કિશોરો પર સાથી જૂથની કોઈ અસર થતી નથી કે પ્રભાવ પડતો નથી.

(D) સાથી જૂથ માત્ર પરીક્ષા અને રમત-પ્રવુત્તિ સમયે જ બને છે.

67. મૂલ્યાંકનના ત્રણ મુખ્ય અભિગમો સંદર્ભે નીચેના પૈકી કઈ જોડી સાચી છે?

(A) Assessment for Learning (અધ્યયન માટે આકલન) = રચનાત્મક મૂલ્યાંકન (Formative Assessment - શિક્ષણ પ્રક્રિયા દરમિયાન સુધારા માટે)

(B) Assessment of Learning (અધ્યયનનું આકલન) = સત્રાંત/સંકલિત મૂલ્યાંકન (Summative Assessment - પરિણામ અને પ્રમાણીકરણ માટે)

(C) Assessment as Learning (અધ્યયન તરીકે આકલન) = સ્વ-મૂલ્યાંકન અને સહપાઠી મૂલ્યાંકન (Self & Peer Assessment - મેટાકોગ્નિશન માટે)

(D) ઉપરોક્ત તમામ જોડીઓ સાચી છે.

68. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની અધ્યયન પ્રેરણા વધારવા માટે જ્હોન કેલર (John Keller) ના 'ARCS મોડેલ' ના ચાર ઘટકો કયા છે?

(A) Ability, Read, Calculate, Solve

(B) Action, Reaction, Control, Succes

(C) Attention, Relevance, Confidence, Satisfaction

(D) Aim, Result, Class, Study

69. એક વિદ્યાર્થી કહે છે: “હું ગણિતમાં જન્મથી જ નબળો છું; પ્રયત્નથી કંઈ બદલાશે નહીં.” શિક્ષકનો શ્રેષ્ઠ પ્રતિભાવ કયો છે?

(A) અગાઉની ચોક્કસ પ્રગતિ બતાવી, અસરકારક વ્યૂહરચના અને સુધારી શકાય તેવી ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

(B) વિદ્યાર્થીની વાત નકારી તેને કહેવું કે દરેક વ્યક્તિ પૂરતા પ્રયત્નથી ગણિતમાં સમાન સ્તરે પહોંચી શકે છે.

(C) તેની શક્તિ અન્ય વિષયમાં હોવાથી ગણિતમાં લઘુતમ જરૂરી સિદ્ધિનું લક્ષ્ય નક્કી કરવું.

(D) વધુ સરળ પ્રશ્નો આપીને સતત સફળતા અપાવવી અને પડકારજનક કાર્યમાંથી અસ્થાયી મુક્તિ આપવી.

70. અધ્યયન-પ્રેરણાની સૌથી ચોક્કસ સમજ કઈ છે?

(A) વિદ્યાર્થીને અભ્યાસ શરૂ કરાવે, પ્રયત્નની દિશા નક્કી કરે અને અવરોધ છતાં કાર્યમાં ટકાવી રાખે તેવી ગતિશીલ માનસિક પ્રક્રિયા

(B) વિદ્યાર્થીને અભ્યાસમાં રસ અનુભવાવે અને શિક્ષક દ્વારા સોંપાયેલું દરેક કાર્ય સમયસર પૂર્ણ કરાવે તેવી સ્થિર વ્યક્તિગત લાક્ષણિકતા

(C) વિદ્યાર્થીને પરીક્ષામાં ઊંચા ગુણ મેળવવા પ્રેરે અને બાહ્ય પરિણામના આધારે અભ્યાસની આવર્તન વધારે તેવી વર્તનાત્મક પ્રક્રિયા

(D) વિદ્યાર્થીની બુદ્ધિક્ષમતા પ્રમાણે અભ્યાસની ગતિ નક્કી કરે અને અગાઉની સફળતાના આધારે આગામી પ્રાપ્તિનું અનુમાન કરે તેવી જ્ઞાનાત્મક પ્રક્રિયા

71. પ્રેરણા વિશે નીચેના વિધાનો વિચારો:

1. સફળતાની ઊંચી અપેક્ષા હોય પરંતુ કાર્યનું કોઈ મૂલ્ય ન લાગે તો પ્રેરણા નબળી રહી શકે છે.

2. કાર્ય મૂલ્યવાન લાગે છતાં સફળતા અશક્ય લાગે તો પ્રયત્ન ઘટી શકે છે.

3. દરેક વિદ્યાર્થી માટે સ્પર્ધા ઉપલબ્ધિ-પ્રેરણા વધારવાનો સમાન અસરકારક ઉપાય છે.

4. વારંવારની નિષ્ફળતા નિયંત્રણની અનુભૂતિ અને પ્રયત્ન બંને ઘટાડી શકે છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1, 2 અને 3 સાચાં છે.
(B) માત્ર 1, 3 અને 4 સાચાં છે.
(C) માત્ર 2 અને 4 સાચાં છે.
(D) માત્ર 1, 2 અને 4 સાચાં છે.

72. ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઇનામ યોજના શરૂ કર્યા પછી હાજરી વધે છે, પરંતુ ઇનામ બંધ થતાં ફરી ઘટે છે. શ્રેષ્ઠ તારણ કયું છે?

(A) યોજનાએ હાજરીની આદત સફળતાપૂર્વક વિકસાવી, પરંતુ શાળાએ ઇનામ અચાનક બંધ કરીને વર્તન ખોરવ્યું.

(B) બાહ્ય પ્રોત્સાહને તાત્કાલિક વર્તન બદલ્યું, પરંતુ ગેરહાજરીનાં મૂળ કારણ કે આંતરિક જોડાણમાં ફેરફાર થયો નહીં.

(C) વિદ્યાર્થીઓમાં મૂળભૂત રીતે શીખવાની પ્રેરણા નથી, તેથી કાયમી હાજરી માટે સતત ઇનામ જ જરૂરી છે.

(D) ઇનામનું નાણાકીય મૂલ્ય ઓછું હોવાથી વર્તન સ્થાયી ન બન્યું; વધુ મૂલ્યનું પ્રોત્સાહન જરૂરી છે.

73. નિદાનાત્મક અને રચનાત્મક મૂલ્યાંકન વચ્ચે સૌથી ચોક્કસ તફાવત કયો છે?

(A) નિદાનાત્મક મૂલ્યાંકન માત્ર અભ્યાસક્રમ પહેલાં અને રચનાત્મક મૂલ્યાંકન માત્ર પાઠના અંતે થાય છે.

(B) નિદાનાત્મક મૂલ્યાંકન ગુણ આપે છે, જ્યારે રચનાત્મક મૂલ્યાંકન કોઈ પણ પ્રકારનો નિર્ણય કરતું નથી.

(C) નિદાનાત્મક મૂલ્યાંકન ખામીના સ્વરૂપ અને કારણ શોધે છે; રચનાત્મક મૂલ્યાંકન ચાલતા અધ્યયનમાં સુધારો કરાવે છે.

(D) બંનેમાં માત્ર સમયનો તફાવત છે; પ્રશ્નપ્રકાર અને પરિણામના ઉપયોગમાં કોઈ મૂળભૂત તફાવત નથી.

74. જિલ્લા અધિકારીએ દરેક પ્રવૃત્તિ માટે વિગતવાર આદેશ આપ્યા છતાં પરિણામ નબળું છે. કયો સુધારો "પરિણામલક્ષી સંચાલન" સાથે સૌથી વધુ સુસંગત છે?

(A) આદેશોની સંખ્યા વધારી દરેક પગલાં માટે દૈનિક અનુપાલન અહેવાલ મેળવવો.

(B) નબળા પરિણામ માટે જવાબદાર કર્મચારી ઓળખીને કાર્યક્ષમ કર્મચારીઓને તેમની ફરજ સોંપવી.

(C) તમામ શાળામાં સમાન પ્રક્રિયાનો કડક અમલ કરીને અમલીકરણ-ભિન્નતા સંપૂર્ણપણે દૂર કરવી.

(D) સ્પષ્ટ પરિણામ, સૂચક અને સીમા નક્કી કરીને અમલીકરણમાં યોગ્ય સ્થાનિક સ્તરે સ્વાયત્તતા આપવી.

75. "વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ"નો સૌથી ચોક્કસ અર્થ કયો છે? - સાચો વિકલ્પ પસંદ કરો:

(A) વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન અને સક્રિય વિચારને કેન્દ્રમાં રાખી, હેતુપૂર્ણ માર્ગદર્શન આપવું.

(B) શિક્ષકનું સીધું માર્ગદર્શન ઓછું હોય તેવા દરેક વર્ગખંડને વિદ્યાર્થી-કેન્દ્રિત ગણવો.

(C) વિદ્યાર્થીને વિષય, પદ્ધતિ અને મૂલ્યાંકન અંગે સંપૂર્ણ સ્વતંત્રતા આપવી.

(D) વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડીને પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિ સ્વતંત્ર રીતે પૂર્ણ કરાવવી.

76. Validityની સૌથી ચોક્કસ સમજ કઈ છે?

(A) પરીક્ષણ વારંવાર લેવાય ત્યારે સમાન અથવા સ્થિર score આપે તેની માત્રા

(B) પરીક્ષણના પ્રશ્નો સરળ ભાષામાં હોય અને scoring ઝડપથી પૂર્ણ થઈ શકે તેની માત્રા

(C) પરીક્ષણના score પરથી નિર્ધારિત ઉપયોગ અને અર્થઘટન માટે પુરાવા તથા તર્ક કેટલા યોગ્ય છે તેની માત્રા

(D) પરીક્ષણમાં અભ્યાસક્રમના દરેક પ્રકરણમાંથી સમાન સંખ્યામાં પ્રશ્નો લેવામાં આવે તેની માત્રા

77. નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. મૂલ્યાંકન learning outcome સાથે સુસંગત હોવું જોઈએ.

2. એક જ પરીક્ષણ દરેક પ્રકારના outcome માટે પૂરતું હોય તે જરૂરી નથી.

3. મૂલ્યાંકનનો હેતુ ફક્ત વિદ્યાર્થીનું વર્ગીકરણ કરવાનો છે.

4. મૂલ્યાંકનનો પુરાવો શિક્ષણમાં સુધારો કરવા ઉપયોગી થઈ શકે છે.

સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

78. શિક્ષણ પ્રબંધનમાં 'વિસંવાદિતા નિવારણ' (Conflict Management) ની 'થોમસ-કિલમેન મોડેલ' (TKI) ની ૫ શૈલીઓ કઈ છે?

(A) Competing, Collaborating, Compromising, Avoiding, Accommodating.

(B) Fight, Flight, Freeze, Faint, Forget.

(C) Rule, Order, Force, Punishment, Fine.

(D) Read, Write, Speak, Listen, Act.

79. હેનરી ફેયોલ (Henri Fayol) દ્વારા રજૂ કરાયેલા ૧૪ વહીવટી સિદ્ધાંતો પૈકી 'આજ્ઞાની એકતા' (Unity of Command) અને 'દોરવણીની એકતા' (Unity of Direction) વચ્ચેનો સૂક્ષ્મ ભેદ કયો છે?

(A) આજ્ઞાની એકતા એટલે એક યોજના માટે એક જ વડા હોવા; દોરવણીની એકતા એટલે કર્મચારીને માત્ર એક જ ઉપરી અધિકારી તરફથી આદેશો મળવા.

(B) આજ્ઞાની એકતા કર્મચારી કેન્દ્રી છે (દરેક કર્મચારીને માત્ર એક જ ઉપરી પાસેથી સીધા આદેશો મળવા જોઈએ); જ્યારે દોરવણીની એકતા સંગઠન કેન્દ્રી છે (સમાન ઉદ્દેશ્ય ધરાવતી તમામ પ્રવૃત્તિઓ માટે એક જ યોજના અને એક જ નેતા હોવા જોઈએ).

(C) બંને સિદ્ધાંતો માત્ર ઉચ્ચ અધિકારીઓને જ લાગુ પડે છે, શાળા કક્ષાએ શિક્ષકોને તેનો કોઈ અમલ કરવાનો રહેતો નથી.

(D) આજ્ઞાની એકતા નાણાકીય બાબતો સાથે સંબંધિત છે, જ્યારે દોરવણીની એકતા માત્ર પરીક્ષા વ્યવસ્થા સાથે સંકળાયેલી છે.

80. પ્રશાસન (Administration) અને વ્યવસ્થાપન (Management) વચ્ચેનો સૌથી સંતુલિત ભેદ કયો છે?

(A) પ્રશાસન (Administration) વ્યાપક નીતિ, હેતુ અને શાસકીય દિશા સાથે જોડાય છે; વ્યવસ્થાપન (Management) ઉપલબ્ધ સંસાધનથી હેતુના કાર્યક્ષમ અમલીકરણ ઉપર કેન્દ્રિત રહે છે.

(B) પ્રશાસન (Administration) ફક્ત સરકારી સંસ્થાઓમાં થાય છે; વ્યવસ્થાપન (Management) ફક્ત ખાનગી અને નફાલક્ષી સંસ્થાઓમાં અમલમાં આવે છે.

(C) પ્રશાસન (Administration) લાંબા ગાળાના આયોજન સાથે જોડાય છે; વ્યવસ્થાપનમાં (Management) આયોજન વિના માત્ર દૈનિક કામગીરી અને નિયંત્રણ કરવામાં આવે છે.

(D) પ્રશાસનમાં (Administration) માનવસંબંધ મહત્વપૂર્ણ છે; વ્યવસ્થાપનમાં (Management) નિયમ, સંસાધન અને કાર્યપરિણામોને માનવસંબંધથી અલગ રાખવામાં આવે છે.

81. અધ્યાપનના વ્યાવસાયિકીકરણ માટે નીચેના ઘટકો સૂચવાયા છે:

1. મજબૂત અને સંશોધનાધારિત જ્ઞાનભંડાર

2. ગુણવત્તાયુક્ત પૂર્વ-સેવા તૈયારી અને નિરીક્ષણ હેઠળની પ્રેક્ટિસ

3. નૈતિક સંહિતા તથા વિદ્યાર્થીહિત

4. પરિણામ માટે કોઈ બાહ્ય સમીક્ષા વિનાની સંપૂર્ણ સ્વાયત્તતા

5. સતત વ્યવસાયિક વિકાસ

6. પારદર્શક ધોરણો, ફરિયાદપ્રક્રિયા અને જાહેર ઉત્તરદાયિત્વ

સૌથી યોગ્ય સંયોજન કયું છે?

(A) માત્ર 1, 2, 3 અને 5
(B) માત્ર 1, 3, 4, 5 અને 6
(C) માત્ર 2, 3, 4 અને 6
(D) માત્ર 1, 2, 3, 5 અને 6

82. વ્યાવસાયિક ઉત્તરદાયિત્વની સૌથી વ્યાપક સમજ કઈ છે?

(A) ઉપરી અધિકારી દ્વારા આપવામાં આવેલા આદેશનું અનુપાલન અને સંબંધિત રજિસ્ટર તથા રીપોર્ટ સમયસર પૂર્ણ કરવાની જવાબદારી

(B) પરીક્ષા-પરિણામ, હાજરી અને અભ્યાસક્રમ પૂર્ણ કરવાના લક્ષ્ય (syllabus completionના target) અંગે શાળા વ્યવસ્થાપનને (school management) સંખ્યાત્મક જવાબ આપવાની જવાબદારી

(C) નિર્ણય, પ્રક્રિયા અને પરિણામ અંગે વિદ્યાર્થી, પિતામાતા, વ્યવસાય, સંસ્થા અને જાહેર હિત પ્રત્યે કારણસભર જવાબદારી

(D) સેવાકીય નિયમભંગ અથવા બેદરકારી (negligence) સાબિત થાય ત્યારે વિભાગીય તપાસ અને કાયદાકીય પરિણામ સ્વીકારવાની જવાબદારી

83. "Occupation" અને "Profession" વચ્ચેનો સૌથી યોગ્ય ભેદ કયો છે?

(A) Occupation ફક્ત આજીવિકા માટે અને profession ફક્ત સમાજસેવા માટે હોવાથી professional કાર્યમાં આર્થિક વળતરનું સ્થાન ગૌણ રહે છે.

(B) Profession વિશિષ્ટ જ્ઞાન, માન્ય તાલીમ, નૈતિક ધોરણ, વ્યાવસાયિક નિર્ણય અને જાહેર ઉત્તરદાયિત્વ ધરાવતું occupationનું વિશેષ સ્વરૂપ છે.

(C) Occupationમાં નિર્ધારિત કાર્ય હોય છે, જ્યારે professionમાં વ્યક્તિગત સ્વાયત્તતાને કારણે સામાન્ય જવાબદારી અને કાર્યધોરણ લાગુ પડતાં નથી.

(D) Professionનો મુખ્ય ભેદ ઊંચું વેતન અને સામાજિક પ્રતિષ્ઠા છે, જ્યારે occupation ઓછા કૌશલ્ય અને ઓછી લાયકાત સાથે જોડાયેલું હોય છે.

84. અસરકારક શાળા-નિરીક્ષણ અંગે નીચેના વિધાનો વિચારો:

1. ચેકલિસ્ટ સુસંગતતા આપે છે, પરંતુ વ્યાવસાયિક નિર્ણયનું સંપૂર્ણ સ્થાન લઈ શકતું નથી.

2. માત્ર દસ્તાવેજ ઉપલબ્ધ હોવો તેના વાસ્તવિક અમલનો પૂરતો પુરાવો છે.

3. વિદ્યાર્થીના અનુભવ અને અધ્યયન-પુરાવાને નિરીક્ષણમાં સ્થાન મળવું જોઈએ.

4. નિરીક્ષણ પછીનું અનુસરણ ન હોય તો સુધારાત્મક અસર મર્યાદિત રહી શકે છે.

(A) માત્ર 1, 3 અને 4 સાચાં છે. (B) માત્ર 1, 2 અને 3 સાચાં છે.

(C) માત્ર 2 અને 4 સાચાં છે. (D) ચારેય વિધાન સાચાં છે.

85. એક શાળામાં નિરીક્ષણ પહેલાં જ દસ્તાવેજો સુધારી દેવામાં આવે છે, વર્ગખંડો ખાસ રીતે સજાવવામાં આવે છે અને પસંદ કરેલા વિદ્યાર્થીઓને જવાબો શીખવવામાં આવે છે. આવી "પ્રદર્શનાત્મક અનુપાલન" ઓળખવા માટે શ્રેષ્ઠ ઉપાય કયો છે?

(A) શાળાના તાજેતરના દસ્તાવેજોને જૂના દસ્તાવેજ કરતાં વધુ પ્રામાણિક માની તેમનું વિસ્તૃત પરીક્ષણ કરવું

(B) નિરીક્ષણના દિવસે દેખાતી વ્યવસ્થાને ગુણાંક આપી, આગામી મુલાકાતમાં તેની તુલના કરવાની નોંધ રાખવી

(C) આચાર્યના નિવેદન અને પસંદ કરેલા વિદ્યાર્થીઓના પ્રતિભાવ વચ્ચે સુસંગતતા હોય તો અનુપાલન માન્ય રાખવું

(D) વિવિધ સમયના દસ્તાવેજો, નિયમિત કામગીરી, અનૌપચારિક પુરાવા અને અનેક હિતધારકોના અનુભવનું ત્રિકોણીકરણ કરવું

86. અવલોકનકારની હાજરીને કારણે શિક્ષક અને વિદ્યાર્થીઓ સામાન્ય દિવસ કરતાં જુદું વર્તન કરે, તો આ પરિસ્થિતિને કઈ રીતે સૌથી સારી રીતે નિયંત્રિત કરી શકાય?

(A) શિક્ષકને અવલોકનનો ચોક્કસ સમય ન જણાવીને અવલોકનકારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવી

(B) એક જ લાંબા અવલોકનને અંતિમ માનીને વર્તનમાં આવેલી અસ્થાયી સુધારણાનું સરેરાશ કાઢવું

(C) અનેક અવલોકનો, અન્ય પુરાવા અને નિયમિત મુલાકાતો દ્વારા અવલોકનકાર-પ્રભાવ ઘટાડવાનો પ્રયત્ન કરવો

(D) વર્ગઅવલોકન બંધ કરીને માત્ર પરિણામ, પાઠયોજના અને હાજરીપત્રકના આધારે મૂલ્યાંકન કરવું

87. સુધારલક્ષી દેખરેખનો યોગ્ય ક્રમ કયો છે?

(A) ખામી નોંધવી → લેખિત સૂચના આપવી → સમયમર્યાદા નક્કી કરવી → પુનઃનિરીક્ષણ કરવું

(B) ધોરણ સમજાવવું → આદર્શ પાઠ બતાવવો → શિક્ષકને અનુસરણ કરાવવું → પરિણામ જાહેર કરવું

(C) પુરાવો એકત્ર કરવો → સંયુક્ત નિદાન કરવું → સહાયયોજના ઘડવી → અનુસરણ અને પુનઃપ્રતિસાદ આપવો

(D) પરિણામ સરખાવવું → નબળા શિક્ષક ઓળખવા → તાલીમ આપવી → વાર્ષિક પરિણામથી અસર માપવી

88. શૈક્ષણિક પ્રશાસનમાં પરંપરાગત 'નિરીક્ષણ' (Inspection) અને આધુનિક 'અધીક્ષણ' (Supervision) વચ્ચેનો સૈદ્ધાંતિક ભેદ સ્પષ્ટ કરતાં નીચેના વિધાનો તપાસો:

1. પરંપરાગત નિરીક્ષણ એ મુખ્યત્વે સત્તાવાદી, ત્રુટિ-શોધક (Fault-finding) અને નિયમોના પાલનની ચકાસણી પૂરતું સીમિત પોલીસિંગ વલણ ધરાવે છે.

2. આધુનિક અધીક્ષણ એ સહયોગી, વિકાસાત્મક (Developmental) અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાની ગુણવત્તા સુધારવા માટેનું એકેડેમિક મેન્ટરિંગ છે.

3. નિરીક્ષણમાં શિક્ષકનું મૂલ્યાંકન સજા કરવા માટે થાય છે, જ્યારે અધીક્ષણમાં શિક્ષકની વ્યાવસાયિક ક્ષમતા વર્ધન પર ધ્યાન કેન્દ્રિત હોય છે.

4. આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં નિરીક્ષણ અને અધીક્ષણ બંને પ્રક્રિયાઓ સંપૂર્ણપણે બંધ કરી દેવાની ભલામણ કરવામાં આવી છે.

ઉપરોક્ત પૈકી કયાં વિધાનો સત્ય છે?

(A) માત્ર 1, 2 અને 4

(B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4 તમામ

 [Contd.

89. જિલ્લા કચેરી વારંવાર પરિપત્ર મોકલે છે, પરંતુ અગાઉના પરિપત્રોનો અમલ થયો કે નહીં તે તપાસતી નથી. આ પ્રત્યાયન-વ્યવસ્થામાં કયો ઘટક સૌથી નબળો છે?

(A) સંકેતીકરણ–કારણ કે દરેક પરિપત્ર માટે અલગ ભાષા અને સ્વરૂપનો ઉપયોગ થયો છે

(B) માધ્યમ–કારણ કે લેખિત પરિપત્ર દ્વિમાર્ગી પ્રત્યાયન માટે ક્યારેય યોગ્ય નથી

(C) પ્રતિપોષણ અને અનુવર્તન–કારણ કે પ્રાપ્તિ, સમજ, અમલ અને અસરની પુષ્ટિ થતી નથી

(D) પ્રેષકની સત્તા–કારણ કે અનુવર્તન વિના મોકલાયેલ પરિપત્ર અધિકૃત ગણાતો નથી

90. અધિકારીને એક આચાર્ય પર ગુસ્સો છે. બેઠકમાં તેઓ કહે છે, "કેટલાક લોકોને વારંવાર સમજાવ્યા છતાં જવાબદારી સમજાતી નથી." નામ લેવાતું નથી, પરંતુ સૌને સંદર્ભ સમજાય છે. આ સંદેશની મુખ્ય સમસ્યા કઈ છે?

(A) પરોક્ષ ભાષાથી સંદેશની ગોપનીયતા જળવાય છે, પરંતુ લેખિત પ્રતિપોષણનો પુરાવો રહેતો નથી

(B) સંદેશમાં 'હું' આધારિત અભિવ્યક્તિ છે, તેથી જવાબદારી કરતાં અધિકારીની ભાવનાને વધારે સ્થાન મળે છે

(C) જાહેર અને અસ્પષ્ટ નિશાનસાધનથી રક્ષણાત્મકતા વધે છે તથા ચોક્કસ વર્તન-સુધારાની દિશા મળતી નથી

(D) સમૂહ સમક્ષ વ્યક્તિગત ઘટના રજૂ કરવાથી સમસ્તરીય પ્રત્યાયન ઊર્ધ્વગામી પ્રત્યાયનમાં ફેરવાય છે

91. ઊર્ધ્વગામી, અધોગામી અને સમસ્તરીય પ્રત્યાયન અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. જિલ્લા કચેરીથી શાળાને મોકલાયેલ માર્ગદર્શન અધોગામી પ્રત્યાયન છે.
2. આચાર્ય દ્વારા શિક્ષકોની મુશ્કેલીઓ તાલુકા કક્ષાએ રજૂ કરવી ઊર્ધ્વગામી પ્રત્યાયન છે.
3. સમાન કક્ષાના બે આચાર્યો વચ્ચે સંસાધન-સંકલન સમસ્તરીય પ્રત્યાયન છે.
4. ઊર્ધ્વગામી પ્રત્યાયન માત્ર ફરિયાદ મોકલવા માટે અને અધોગામી પ્રત્યાયન માત્ર આદેશ આપવા માટે વપરાય છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 3

92. પ્રત્યાયન-પ્રક્રિયાના નીચેના ઘટકોનો તર્કસંગત ક્રમ કયો છે?

(A) માધ્યમ → સંકેતીકરણ → પ્રેષક → પ્રતિપોષણ → વિસંકેતીકરણ → પ્રાપ્તકર્તા

(B) પ્રેષક → સંકેતીકરણ → સંદેશ/માધ્યમ → વિસંકેતીકરણ → પ્રાપ્તકર્તા → પ્રતિપોષણ

(C) પ્રાપ્તકર્તા → સંકેતીકરણ → પ્રેષક → વિસંકેતીકરણ → માધ્યમ → પ્રતિપોષણ

(D) પ્રેષક → વિસંકેતીકરણ → માધ્યમ → સંકેતીકરણ → પ્રતિપોષણ → પ્રાપ્તકર્તા

93. સંઘર્ષ દરમિયાન વ્યક્તિ કહે છે, "તમે ક્યારેય મારી વાત સાંભળતા નથી." નીચેના પૈકી કયો પ્રતિભાવ તણાવ ઘટાડીને ચર્ચાને ચોક્કસ બનાવે છે?

(A) "હું હંમેશાં સાંભળું છું; 'ક્યારેય નહીં' કહેવું તમારી અતિશયોક્તિ અને ગેરસમજ છે."

(B) "તમને એવું કેમ લાગે છે તે પહેલાં સાબિત કરો; પછી હું મારી સ્થિતિ સ્પષ્ટ કરીશ."

(C) "તમને અવગણના અનુભવાઈ છે એવું હું સાંભળું છું; કઈ ઘટનામાં એવું થયું તે સમજાવો."

(D) "અત્યારે તમે ભાવુક છો; શાંત થયા પછી લેખિતમાં મુદ્દા આપશો તો વિચાર કરીશું."

94. મધ્યસ્થતા (Mediation) અંગે સૌથી યોગ્ય વિધાન કયું છે?

(A) મધ્યસ્થ તટસ્થ પ્રક્રિયા સંચાલિત કરે છે, જ્યારે ઉકેલના ઘડતર અને સ્વીકારમાં પક્ષોની માલિકી રહે છે

(B) મધ્યસ્થ બંને પક્ષના પુરાવા સાંભળી કાનૂની રીતે બંધનકારક નિર્ણય જાહેર કરે છે

(C) મધ્યસ્થ વધુ નબળા પક્ષની તરફેણ કરીને શક્તિની અસમાનતા સંપૂર્ણપણે દૂર કરે છે

(D) મધ્યસ્થતા સફળ ગણાવવા બંને પક્ષે પોતાના મૂળ દાવાનો સમાન પ્રમાણમાં ત્યાગ કરવો જરૂરી છે

95. માનવસંબંધોના સંચાલનમાં સહાનુભૂતિ અને સહમતિ વચ્ચેનો સૌથી યોગ્ય ભેદ કયો છે?

(A) સહાનુભૂતિ એટલે સામેની વ્યક્તિનો દૃષ્ટિકોણ સમજવો; તે દૃષ્ટિકોણ સાથે સહમત થવું ફરજિયાત નથી

(B) સહાનુભૂતિ એટલે સંબંધ જાળવવા સામેની વ્યક્તિની માગણી સ્વીકારવી; સહમતિ પછીથી બદલાઈ શકે છે

(C) સહમતિ તથ્યઆધારિત હોય છે, જ્યારે સહાનુભૂતિ માત્ર લાગણીશીલ અને વહીવટી રીતે અપ્રસ્તુત હોય છે

(D) સહાનુભૂતિ અને સહમતિ બંનેનો અર્થ સામેની વ્યક્તિના નિર્ણયને નૈતિક સમર્થન આપવાનો થાય છે



[Contd.

96. સંઘર્ષ અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. દરેક સંઘર્ષ સંસ્થાકીય નિષ્ફળતાનું પરિણામ હોય છે.

2. કાર્યલક્ષી અસંમતિ યોગ્ય રીતે સંચાલિત થાય તો નિર્ણયની ગુણવત્તા સુધારી શકે છે.

3. વ્યક્તિગત અપમાન અને જૂથબંધી વિનાશક સંઘર્ષનું સ્વરૂપ લઈ શકે છે.

4. સંઘર્ષ-નિવારણનો હેતુ દરેક પ્રકારની અસંમતિ સંપૂર્ણપણે સમાપ્ત કરવાનો છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 2 અને 3

97. જિલ્લામાં નવી જવાબદારી-વ્યવસ્થા અમલમાં મૂકતાં નીચેની પરિસ્થિતિ સર્જાય છે:

1. કેટલાક આચાર્યો તેને નિયંત્રણ વધારવાની યોજના માને છે.

2. અધિકારીને તેમના વિરોધથી વ્યક્તિગત નિરાશા થાય છે.

3. થોડા આચાર્યોને વધારાના કાર્યભારનો વાજબી ભય છે.

4. યોજના અમલમાં મૂકવી જરૂરી છે, પરંતુ તેની કાર્યપદ્ધતિમાં ફેરફાર શક્ય છે.

5. સમયમર્યાદા મર્યાદિત છે અને સંપૂર્ણ સર્વસંમતિ શક્ય નથી.

સાંવેગિક બુદ્ધિ આધારિત સૌથી યોગ્ય નિર્ણયપ્રક્રિયા કઈ છે?

(A) અધિકારી પોતાની નિરાશા દબાવી પૂર્વનિર્ધારિત યોજના સમાન રીતે અમલમાં મૂકે અને પરિણામ પછી પ્રતિપોષણ લે

(B) વિરોધને ભાવનાત્મક પ્રતિક્રિયા માની યોજનાના લાભો અંગે વધુ પ્રેરણાત્મક સંદેશાઓ મોકલી સમયસર અમલ કરે

(C) આચાર્યોની ચિંતા સ્વીકારી નિર્ણય તેમની સંમતિ સુધી મોકૂફ રાખે અને વર્તમાન વ્યવસ્થા ચાલુ રાખે

(D) પોતાની પ્રતિક્રિયા ઓળખી, વાજબી ચિંતાઓ અને વિરોધ અલગ કરે, શક્ય સુધારા કરે અને કારણસભર નિર્ણય સ્પષ્ટ કરે

98. સાંવેગિક બુદ્ધિ અને વ્યક્તિત્વ અંગે સૌથી યોગ્ય સંબંધ કયો છે?

(A) સાંવેગિક બુદ્ધિ જન્મજાત વ્યક્તિત્વલક્ષણ હોવાથી તાલીમ કે પ્રતિબિંબનથી તેમાં નોંધપાત્ર ફેરફાર શક્ય નથી

(B) બહિર્મુખ વ્યક્તિ આપમેળે વધુ સાંવેગિક બુદ્ધિશાળી હોય છે, કારણ કે તે લાગણીઓ વધુ વ્યક્ત કરે છે

(C) શાંત વ્યક્તિ આપમેળે સ્વનિયમિત હોય છે, કારણ કે તેની બહારની પ્રતિક્રિયા સામાન્ય રીતે ઓછી હોય છે

(D) વ્યક્તિત્વ વર્તનને અસર કરે છે, પરંતુ સાંવેગિક કુશળતાઓ અભ્યાસ, પ્રતિપોષણ અને અનુભવથી વિકસી શકે છે

99. સ્વજાગૃતિનું સૌથી પરિપક્વ ઉદાહરણ કયું છે?

(A) "હું સામાન્ય રીતે નિષ્પક્ષ છું, તેથી મારા નિર્ણય પર વ્યક્તિગત લાગણીની અસર થઈ શકે નહીં."

(B) "મને વિરોધથી ચીડ થાય છે; તેથી નિર્ણય પહેલાં પુરાવા અને અન્ય દૃષ્ટિકોણ તપાસવા જોઈએ."

(C) "મારા ગુસ્સાનું કારણ સામેની વ્યક્તિનું અયોગ્ય વર્તન છે; તેથી મારી પ્રતિક્રિયા સ્વાભાવિક રીતે યોગ્ય છે."

(D) "લાગણી વ્યક્ત કરવાથી સત્તા નબળી પડે છે; તેથી મારી આંતરિક સ્થિતિ કર્મચારીઓથી છુપાવવી જોઈએ."

100. એક અધિકારી કર્મચારીના ચહેરા પરથી ચિંતા ઓળખી કહે છે, "તમે ચિંતિત દેખાઓ છો, એટલે તમે આ જવાબદારી માટે સક્ષમ નથી." અહીં મુખ્ય ભૂલ કઈ છે?

(A) અધિકારીએ અમૌખિક સંકેતનો ઉપયોગ કર્યો, જ્યારે કાર્યસ્થળે માત્ર લેખિત માહિતી માન્ય ગણાય

(B) કર્મચારીની લાગણી ઓળખ્યા પછી તેને નિયંત્રિત કરવા તાત્કાલિક સૂચન આપવામાં આવ્યું નથી

(C) ક્ષણિક લાગણી પરથી ક્ષમતા અંગે નિષ્કર્ષ કાઢ્યો અને કર્મચારી પાસેથી અર્થની પુષ્ટિ લીધી નથી

(D) ચિંતા જેવી નકારાત્મક લાગણી ઓળખવી સામાજિક જાગૃતિને બદલે સ્વજાગૃતિનો ભાગ છે

101. સાયબર સુરક્ષા અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. મજબૂત અને અલગ પાસવર્ડથી એકથી વધુ ખાતાંમાં એકસાથે ઘૂસણખોરીનું જોખમ ઘટે છે.
2. દ્વિ-ઘટકીય પ્રમાણીકરણ પાસવર્ડ ચોરાયા પછી પણ વધારાનું રક્ષણ આપે છે.
3. સત્તાવાર દેખાતી દરેક લિંક સંસ્થાના ડોમેન પર હોય તો તેને ચકાસ્યા વિના ખોલી શકાય છે.
4. નિયમિત બેકઅપ રેન્સમવેર જેવી ઘટનામાં પુનઃપ્રાપ્તિ માટે ઉપયોગી બને છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 3 અને 4

102. PTMમાં શિક્ષક કહે છે: "તમારું બાળક બેદરકાર છે અને અભ્યાસમાં રસ લેતું નથી." તેના બદલે સૌથી યોગ્ય સંવાદ કયો છે?

(A) "છેલ્લા ત્રણ અઠવાડિયામાં ચાર કાર્ય અધૂરાં રહ્યાં છે; ઘર અને શાળાની પરિસ્થિતિ સમજી ચોક્કસ સહાયયોજના નક્કી કરીએ."
(B) "તમારા બાળકની ક્ષમતા સારી છે, પરંતુ ઘરમાં પૂરતું ધ્યાન મળતું ન હોવાથી તે તેનો ઉપયોગ કરી શકતું નથી."
(C) "અન્ય વિદ્યાર્થીઓ સમાન પરિસ્થિતિમાં કાર્ય પૂર્ણ કરે છે; તેથી બાળકને વધુ કડક દૈનિક દેખરેખની જરૂર છે."
(D) "બાળકનો attitude બદલાય નહીં ત્યાં સુધી વધારાનું શિક્ષણ આપવું અસરકારક નહીં બને; પહેલાં શિસ્ત સુધારવી જોઈએ."

103. એક શાળામાં સ્માર્ટ બોર્ડનો ઉપયોગ મુખ્યત્વે પાઠ્યપુસ્તકનાં પાનાં પ્રદર્શિત કરવા થાય છે અને શિક્ષક પહેલાંની જેમ એકતરફી વ્યાખ્યાન આપે છે. સૌથી યોગ્ય નિષ્કર્ષ કયું છે?

(A) પરંપરાગત સામગ્રીનું ડિજિટલ પ્રદર્શન થયું છે, પરંતુ શિક્ષણપદ્ધતિમાં મૂળભૂત પરિવર્તન થયું નથી
(B) દૃશ્યમાધ્યમ જોડાયું હોવાથી શિક્ષણનું પુનઃરચન થયું છે અને વિદ્યાર્થીકેન્દ્રી અધ્યયન શરૂ થયું છે
(C) ડિજિટલ લખાણના ઉપયોગથી વ્યક્તિગત ભિન્નતા સંતોષાય છે, ભલે પ્રવૃત્તિ એકસરખી રાખવામાં આવે
(D) સ્માર્ટ બોર્ડ વપરાતું હોવાથી ICTનું સંકલન પૂર્ણ છે; હવે માત્ર પરિણામથી અસર ચકાસવી જોઈએ

104. ધોરણ 6ના વિદ્યાર્થીઓમાં વાંચનસમજ ઓછી હોવાને કારણે શિક્ષકો છ અઠવાડિયાનું સહયોગી વાંચન ચલાવે છે. પરિસ્થિતિ આ મુજબ છે:

1. હસ્તક્ષેપ પહેલાં એક વાંચનકસોટી લેવામાં આવી છે.
2. હસ્તક્ષેપ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી ગેરહાજર રહ્યા છે.
3. ઉત્તરકસોટીમાં સરેરાશ ગુણ વધ્યા છે.
4. શિક્ષકોના અવલોકનમાં વિદ્યાર્થીઓ પ્રશ્નોની ચર્ચા વધારે કરે છે.
5. વિદ્યાર્થીઓ જણાવે છે કે લખાણ સરળ હોવાથી તેઓ સારી રીતે જવાબ આપી શક્યા.
6. ઉત્તરકસોટી પૂર્વકસોટી કરતાં થોડું સરળ હોવાની શંકા છે.

સૌથી યોગ્ય નિષ્કર્ષ અને આગળનું પગલું કયું છે?

(A) સરેરાશ ગુણ અને સહભાગિતા વધ્યાં હોવાથી હસ્તક્ષેપ નિઃસંદિગ્ધ સફળ માની સમગ્ર શાળામાં ફરજિયાત કરવો

(B) ઉત્તરકસોટી સરળ હોઈ શકે, હોવાથી તમામ સકારાત્મક પુરાવા અમાન્ય માની નવો અભ્યાસ શરૂઆતથી કરવો

(C) ગુણવૃદ્ધિને હસ્તક્ષેપનું પૂર્ણ કારણ માની ગેરહાજર વિદ્યાર્થીઓને વિશ્લેષણમાંથી કાઢી પરિણામ જાહેર કરવું

(D) સુધારાના સંકેત સ્વીકારી કસોટીની સમકક્ષતા, હાજરી અને વિદ્યાર્થીઅનુભવ તપાસી સુધારેલું ચક્ર ચલાવવું

105. વિદ્યાર્થીઓ પર નવી વર્તન-સુધારણા પદ્ધતિ અજમાવતી વખતે નૈતિક રીતે સૌથી યોગ્ય અભિગમ કયો છે?

(A) સંશોધનની જાણ કરવાથી વર્તન બદલાઈ શકે, હોવાથી વિદ્યાર્થી અને વાલીને કોઈ માહિતી ન આપવી

(B) શાળાકીય સુધારણા હોવાથી સંમતિ, ગોપનીયતા અને જોખમના પ્રશ્નો ઔપચારિક સંશોધન જેટલા લાગુ પડતા નથી

(C) ઝડપી પરિણામ માટે કેટલાક વિદ્યાર્થીઓને જાણ કર્યા વિના કડક પદ્ધતિ અને અન્યને સામાન્ય પદ્ધતિ આપવી

(D) હેતુ અને પ્રક્રિયા યોગ્ય રીતે સમજાવી, જરૂરી સંમતિ/સહમતિ, ગોપનીયતા અને નુકસાનથી રક્ષણ રાખવું

106. શૈક્ષણિક વહીવટમાં કચેરીના અંકુશકારી અધિકારી (Controlling Officer) દ્વારા રજૂ કરવામાં આવતા 'રી-એપ્રોપ્રિએશન' (Re-appropriation of Funds) નો સાચો નાણાકીય અર્થ શું થાય છે?

(A) નવી જ ગ્રાન્ટ મેળવવા માટે વિધાનસભા સમક્ષ પૂરક માંગણી (Supplementary Demand) રજૂ કરવી.

(B) મંજૂર થયેલા અંદાજપત્રના એક પ્રાથમિક યુનિટ/હેડ (Primary Unit) માં બચેલી બચતમાંથી બીજા યુનિટમાં નાણાંની અછત પૂરી કરવા રકમનું સ્થાનાંતરણ કરવું.

(C) નાણાકીય વર્ષ પૂરું થયા પછી તમામ વધેલી ગ્રાન્ટ ખાનગી બેંક ખાતામાં જમા કરી દેવી.

(D) ઓડિટ આક્ષેપો (Audit Objections) ના નિકાલ માટે કચેરીના વડાને ખાસ ભથ્થું આપવું.

107. ક્રિયાત્મક સંશોધનની પ્રક્રિયાનો સૌથી તર્કસંગત ક્રમ કયો છે?

(A) સમસ્યાની ઓળખ → પ્રારંભિક પુરાવા → ક્રિયાયોજના → અમલ અને અવલોકન → પ્રતિબિંબન તથા પુનઃયોજના

(B) ક્રિયાનું અમલીકરણ → સમસ્યાની ઓળખ → સાહિત્યસમીક્ષા → અંતિમ નિષ્કર્ષ → પ્રારંભિક પુરાવા

(C) અનુમાનની સ્વીકૃતિ → નમૂનાની પસંદગી → સમસ્યાની ઓળખ → નિયંત્રણ જૂથ → સામાન્યીકરણ

(D) માહિતીવિશ્લેષણ → ક્રિયાયોજના → સમસ્યાની ઓળખ → પ્રતિબિંબન → માહિતીનો પ્રારંભિક સંગ્રહ

108. શિક્ષક કહે છે: "મારા વર્ગના વિદ્યાર્થીઓ ગણિતમાં નબળા છે; તેથી હું ક્રિયાત્મક સંશોધન કરીશ." સંશોધનયોગ્ય સમસ્યા ઘડવાનું શ્રેષ્ઠ સ્વરૂપ કયું છે?

(A) "ગણિતશિક્ષણની કઈ પદ્ધતિ વિશ્વની તમામ શાળાઓમાં સર્વાધિક અસરકારક છે?"

(B) "વિદ્યાર્થીઓ ગણિતમાં નબળા કેમ હોય છે અને તેના માટે કોણ જવાબદાર છે?"

(C) "આઠ અઠવાડિયાની પ્રતિનિધિ પ્રવૃત્તિથી ધોરણ 7ના વિદ્યાર્થીઓની અપૂર્ણાંક-સમજમાં શું ફેર પડે છે?"

(D) "મારા વર્ગમાં ગણિતના પરિણામને અન્ય તમામ વિષયો કરતાં ઊંચું કેવી રીતે બનાવી શકાય?"

109. પ્રાથમિક શિક્ષણાધિકારી શાળા-મુલાકાત દરમિયાન જાણવા માંગે છે કે સમાવેશ ખરેખર અમલમાં છે કે નહીં. કયા પુરાવાનું સંયોજન શ્રેષ્ઠ રહેશે?

(A) પ્રવેશરજિસ્ટર, રેમ્પની ઉપલબ્ધતા અને શાળાની સમાવેશી નીતિનો લેખિત દસ્તાવેજ

(B) વિવિધ જૂથોની હાજરી-પ્રગતિ, વર્ગસહભાગિતા, સુલભતા અને વિદ્યાર્થી-વાલીના અનુભવ

(C) આચાર્યનું પ્રમાણપત્ર, વિશેષ શિક્ષકની નિમણૂક અને વાર્ષિક પરીક્ષાનું કુલ પરિણામ

(D) શાળાને મળેલી સમાવેશી સહાયની રકમ, ખરીદેલાં સાધનો અને તાલીમમાં શિક્ષકોની હાજરી

110. ન્યાયી સંસાધન-વિતરણ અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. દરેક શાળાને સમાન રકમ આપવી હંમેશાં ન્યાયી વિતરણ છે.

2. શાળાનું કદ, વંચિતતા, ભૌગોલિક સ્થિતિ અને વિદ્યાર્થીઓની વિશેષ જરૂરિયાતો ધ્યાનમાં લઈ શકાય.

3. વધારાનું સંસાધન આપ્યા પછી તેના ઉપયોગ અને પરિણામનું અનુવર્તન જરૂરી છે.

4. ન્યાયી વિતરણમાં પારદર્શક માપદંડ હોવા જરૂરી છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

111. સ્થળાંતરિત મજૂરપરિવારના બાળકો છ મહિના પછી જિલ્લામાં પાછાં આવે છે. તેઓ વયાનુકૂળ ધોરણ કરતાં અધ્યયનમાં પાછળ છે. સૌથી યોગ્ય પગલું કયું છે?

(A) અગાઉનું પ્રમાણપત્ર ન મળે ત્યાં સુધી અસ્થાયી હાજરીની મંજૂરી આપી ઔપચારિક પ્રવેશ અટકાવવો

(B) બાળકની ઉંમર અને શૈક્ષણિક જરૂરિયાત પ્રમાણે પ્રવેશ આપી સેતુ-અભ્યાસ તથા અનુવર્તી સહાય ગોઠવવી

(C) વય કરતાં નીચલા ધોરણમાં દાખલ કરીને પહેલાં સમગ્ર ચૂકી ગયેલો અભ્યાસક્રમ પૂર્ણ કરાવવો

(D) સ્થળાંતર ફરી થઈ શકે, હોવાથી ટૂંકા ગાળાનું બિનઔપચારિક શિક્ષણ આપી નિયમિત પ્રવેશથી દૂર રાખવો

112. સર્વસમાવેશક શિક્ષણનો શ્રેષ્ઠ અર્થ કયો છે?

(A) વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને સામાન્ય શાળામાં દાખલ કરીને તેમના માટે અલગ વર્ગ અને અલગ પ્રવૃત્તિ રાખવી

(B) બધા વિદ્યાર્થીઓને સમાન પાઠ, સમય અને મૂલ્યાંકન આપીને ભેદભાવ વિનાનું શિક્ષણ સુનિશ્ચિત કરવું

(C) વિશેષ શિક્ષક ઉપલબ્ધ હોય ત્યારે દિવ્યાંગ વિદ્યાર્થીઓને સામાન્ય વર્ગની પસંદગી કરવાની છૂટ આપવી

(D) વિવિધ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ, સહભાગિતા અને અધ્યયન માટે શાળાની વ્યવસ્થા અનુકૂલિત કરવી

113. જિલ્લામાં કન્યાઓની નોંધણી ઊંચી છે, પરંતુ ધોરણ 6 પછી તેમની હાજરી અને સતત અભ્યાસ ઘટે છે. અધિકારીનું પ્રથમ યોગ્ય પગલું કયું છે?

(A) નોંધણી સંતોષકારક હોવાથી સમસ્યાને વાલીઓની માનસિકતા સાથે જોડી જનજાગૃતિ કાર્યક્રમ ચલાવવો

(B) તમામ કન્યાઓને સમાન શિષ્યવૃત્તિ આપી એક વર્ષ પછી પરિણામમાં થયેલો ફેરફાર માપવો

(C) સલામતી, પરિવહન, સ્વચ્છતા, ઘરકામ, બાળસંભાળ અને સામાજિક માન્યતાઓના પુરાવા અલગથી તપાસવા

(D) ધોરણ 6 પછી કન્યાઓ માટે અલગ શાળા ગોઠવવી, કારણ કે સહશિક્ષણ જ સતત અભ્યાસનો અવરોધ છે

114. NEP 2020ની વિભાવના અનુસાર બહુભાષિકતાનો વહીવટી અમલ કયો હોવો જોઈએ?

(A) બાળકને સમજાય તેવી ભાષાનો શૈક્ષણિક ઉપયોગ કરતાં અન્ય ભાષાઓના વિકાસ માટે આયોજન અને સંસાધન પણ ઉપલબ્ધ કરાવવાં.

(B) દરેક જિલ્લામાં બહુમતીની ભાષાને એકમાત્ર અધ્યાપનમાધ્યમ બનાવી વહીવટી સરળતા અને એકરૂપતા જાળવવી.

(C) માતૃભાષામાં શિક્ષણ આપવાથી બીજી ભાષા શીખવામાં અવરોધ આવે છે, તેથી બંને ભાષાનો દરેક પાઠમાં સમાન ઉપયોગ કરવો.

(D) ભાષા પસંદગી સંપૂર્ણપણે દરેક શિક્ષક પર છોડવી, કારણ કે વર્ગખંડના વિદ્યાર્થીઓને તે વધુ સારી રીતે જાણે છે.

115. ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ સેવા ટ્રિબ્યુનલ રચવાનો મુખ્ય તર્ક કયો છે?

(A) શિક્ષણસંસ્થાના કર્મચારીઓના નિર્ધારિત સેવા-વિવાદ માટે વિશિષ્ટ ન્યાયનિર્ણય મંચ ઉપલબ્ધ કરાવવો

(B) શાળાની માન્યતા, અભ્યાસક્રમ અને પરીક્ષાના તમામ વહીવટી નિર્ણય શિક્ષણવિભાગ પાસેથી લઈ લેવાં

(C) સરકારી કર્મચારીઓના દરેક પ્રકારના સેવા-વિવાદ માટે સામાન્ય નાગરિક અદાલતનો વિકલ્પ ઊભો કરવો

(D) વાલી, વિદ્યાર્થી અને કર્મચારીની તમામ શૈક્ષણિક ફરિયાદોનો એક જ મંચ પરથી નિકાલ કરવો

116. કોઈ શાળાની માન્યતા સામે પ્રતિકૂળ કાર્યવાહી વિચારવામાં આવે છે. કુદરતી ન્યાયનો સૌથી મહત્વપૂર્ણ ઉપયોગ કયો છે?

(A) વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક નિર્ણય લઈને શાળાને કાર્યવાહી પછી કારણ રજૂ કરવાની તક આપવી

(B) અગાઉની નાની ખામીઓને વર્તમાન ગંભીર આરોપના પુરાવા તરીકે લઈ સંયુક્ત દંડ નક્કી કરવો

(C) ફરિયાદકર્તાની ઓળખ ગુપ્ત હોવાથી તેના આક્ષેપને તપાસ વગર સત્તાવાર પુરાવો માનવો

(D) આરોપ અને સંબંધિત પુરાવાની જાણ આપી યોગ્ય રજૂઆતની તક તથા નિષ્પક્ષ નિર્ણય આપવો

117. RTE હેઠળ શાળા વિકાસયોજનાનું સૌથી યોગ્ય વહીવટી મહત્વ કયું છે?

(A) તે માત્ર શાળાની ઇમારત અને જાળવણી માટેની ખર્ચયાદી છે, જેને સ્થાનિક સત્તાની મંજૂરી જરૂરી નથી

(B) તે શિક્ષકોની કામગીરીનું વાર્ષિક મૂલ્યાંકન છે, જેના આધારે શિસ્તવિષયક કાર્યવાહી થાય છે

(C) તે જરૂરિયાત, પ્રવેશ, શિક્ષક, માળખું અને સંસાધન દર્શાવતો આયોજન તથા અનુદાનનો આધાર બની શકે છે

(D) તે આચાર્યનો ગોપનીય દસ્તાવેજ છે, કારણ કે જાહેર કરવાથી શાળાની નબળાઈ બહાર આવી શકે છે

118. કાયદાકીય વહીવટમાં અધિનિયમ, નિયમ અને વહીવટી પરિપત્ર વચ્ચેનો યોગ્ય સંબંધ કયો છે?

(A) અનુગામી પરિપત્ર વ્યવહારિક હોય તેથી તે અધિનિયમની સ્પષ્ટ જોગવાઈમાં જરૂરી ફેરફાર કરી શકે છે.

(B) નિયમ અધિનિયમ હેઠળ મળેલી સત્તામાં હોવો જોઈએ અને પરિપત્ર બંનેથી અસંગત નવી બાધ્યતા ઊભી ન કરી શકે.

(C) નિયમ અને પરિપત્ર બંને કાર્યપાલિકા બનાવે છે, તેથી તેમની કાનૂની અસર અને વ્યાપ મૂળભૂત રીતે સમાન છે.

(D) વિષય વિશેષ હોવાથી શિક્ષણ વિભાગનો પરિપત્ર સામાન્ય અધિનિયમ કરતાં પ્રાધાન્ય ધરાવે છે.

119. School Complex Concept માટે યોગ્ય ક્રમનો વિકલ્પ પસંદ કરો.

1. Resource Sharing

2. Cluster Formation

3. Joint Academic Planning

4. Monitoring Mechanism

(A) 2-1-3-4 (B) 1-2-3-4

(C) 2-3-1-4 (D) 3-2-1-4

120. એક જિલ્લામાં નવી શૈક્ષણિક ડિજિટલ અને મૂલ્યાંકન પહેલ અંગે સ્થિતિ આ મુજબ છે:

- UDISE+ ડેટા મુજબ ઉપકરણો ઉપલબ્ધ છે, પરંતુ કેટલીક શાળામાં તે કાર્યરત નથી.
- DIKSHAના તાલીમ-પ્રમાણપત્રોની સંખ્યા ઊંચી છે, પરંતુ વર્ગપ્રયોગ અસમાન છે.
- APAAR નોંધણી ઝડપથી વધારવાનું દબાણ છે, જ્યારે કેટલાક વાલીઓને પ્રક્રિયા સમજાઈ નથી.
- દક્ષતાઆધારિત પ્રશ્નપત્ર શરૂ થયું છે, પરંતુ શિક્ષકો માત્ર પ્રશ્નની ભાષા લાંબી બનાવી રહ્યા છે.
- PM SHRI શાળામાં સારો પ્રયોગ થયો છે, પરંતુ અન્ય શાળાઓ પાસે સમાન સંસાધન નથી.
- એક વર્ષમાં દેખાતું પરિણામ આપવાની અપેક્ષા છે.

અધિકારીની સૌથી યોગ્ય સંકલિત વ્યૂહરચના કઈ છે?

(A) સંખ્યાત્મક લક્ષ્યો નક્કી કરીને ઉપકરણ-ઉપયોગ, તાલીમ, APAAR અને પ્રશ્નપત્રના માસિક ટકાવારી અહેવાલ લેવા

(B) તમામ પહેલને એકસમાન રીતે ફરજિયાત કરી અમલ ન કરતી શાળાઓને નબળા વહીવટ માટે જવાબદાર ઠેરવવી

(C) પસંદ કરેલી સફળ શાળાઓના મોડેલની નકલ કરાવી વર્ષના અંતે પરિણામથી તમામ પહેલની અસર માપવી

(D) કાર્યક્ષમતા અને સમજના આધારપુરાવા મેળવી, પાયલટ–સહાય–ચકાસણી–અનુકૂલનથી તબક્કાવાર અમલ કરવો

121. PM SHRI શાળાઓની સંકલ્પનાનો સૌથી યોગ્ય અર્થ કયો છે?

(A) માત્ર ઉચ્ચ પરિણામ ધરાવતી શાળાઓને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ રાષ્ટ્રીય શાળામાં પરિવર્તિત કરવી

(B) પસંદ કરેલી શાળાઓને ખાનગી સંચાલનમાં આપી વૈશ્વિક અભ્યાસક્રમનું પ્રદર્શન-કેન્દ્ર બનાવવું

(C) શાળાઓને કેન્દ્રીય બોર્ડ હેઠળ લાવી રાજ્યના અભ્યાસક્રમ અને વહીવટી નિયંત્રણમાંથી મુક્ત કરવી

(D) NEP 2020ના વિવિધ તત્વો પ્રદર્શિત કરતી સમાવેશી અને ગુણવત્તાયુક્ત આદર્શ શાળાઓ વિકસાવવી

122. DIKSHA પર શિક્ષકે તાલીમ પૂર્ણ કરી પ્રમાણપત્ર મેળવ્યું છે, પરંતુ વર્ગખંડમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી. અધિકારીનું સૌથી યોગ્ય મૂલ્યાંકન કયું છે?

(A) પ્રમાણપત્ર સક્ષમ સત્તાએ આપ્યું હોવાથી તાલીમની અસર અંગે વધારાની ચકાસણી જરૂરી નથી

(B) શિક્ષકે મોડ્યુલ પૂર્ણ કર્યો છે, પરંતુ જ્ઞાનના વર્ગપ્રયોગ અને વિદ્યાર્થીપરની અસરના અલગ પુરાવા જરૂરી છે

(C) વર્ગમાં ફેરફાર ન હોવાથી ઑનલાઇન તાલીમ સ્વરૂપે જ બિનઅસરકારક છે અને રૂબરૂ તાલીમ જરૂરી છે

(D) તાલીમના તરત પછી ફેરફાર ન દેખાય તો શિક્ષકની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા અંગે કાર્યવાહી કરવી જોઈએ

123. એક શિક્ષક કુશળતા આધારીત પ્રશ્ન બનાવે છે: “પાણી બચાવવાની ત્રણ રીત લખો.” તેને વધુ ઉચ્ચ કક્ષાનો અને પરિસ્થિતિલક્ષી બનાવવા કયો ફેરફાર શ્રેષ્ઠ છે?

(A) “પાઠ્યપુસ્તકમાં દર્શાવેલી પાણી બચાવવાની પાંચ પદ્ધતિ ક્રમમાં લખો અને વ્યાખ્યા આપો.”

(B) “પાણી બચાવવાની વ્યાખ્યા, કારણો, લાભ અને સરકારની બે યોજનાઓ અલગથી સમજાવો.”

(C) “શાળામાં પાણીનો વપરાશ વધ્યો છે; મર્યાદિત માહિતીથી કારણ અનુમાનો અને માપી શકાય તેવી યોજના ઘડો.”

(D) “પાણી બચાવવાની દસ રીતમાંથી સાચી રીતો પસંદ કરો અને દરેક સાચા જવાબને એક ગુણ આપો.”

124. હર્સી અને બ્લેન્ચાર્ડ (Hersey & Blanchard) ના 'પરિસ્થિતિજન્ય નેતૃત્વ' (Situational Leadership) સિદ્ધાંત મુજબ, જ્યારે શાળામાં નવનિયુક્ત શિક્ષકો ઉત્સાહી હોય પરંતુ વહીવટી અને શિક્ષણ કૌશલ્યોમાં બિનઅનુભવી હોય, ત્યારે આચાર્યએ કઈ શૈલી અપનાવવી જોઈએ?

(A) કાર્યસોંપણી શૈલી (Delegating - સંપૂર્ણ સ્વાયત્તતા આપવી)

(B) નિર્દેશાત્મક શૈલી (Directing - સ્પષ્ટ માર્ગદર્શન, ચોક્કસ સૂચનાઓ અને નિકટવર્તી દેખરેખ)

(C) સહાયક શૈલી (Supporting - ભાવનાત્મક ટેકો આપવો)

(D) સહભાગી શૈલી (Participating - તમામ નિર્ણયો તેમની સંમતિથી લેવા)

125. શૈક્ષણિક સંસ્થામાં વ્યવસ્થાપન અને નેતૃત્વ વચ્ચેના સંબંધ અંગે સૌથી યોગ્ય વિધાન કયું છે?

(A) વ્યવસ્થાપન વર્તમાન પ્રક્રિયાની સ્થિરતા સુનિશ્ચિત કરે છે, જ્યારે નેતૃત્વ દિશા, અર્થ અને પરિવર્તન માટે લોકોનું સંકલન કરે છે

(B) વ્યવસ્થાપન નિયમો અને સંસાધન સુધી મર્યાદિત છે, જ્યારે નેતૃત્વમાં જવાબદારી તથા પરિણામનું માપન આવતું નથી

(C) નેતૃત્વ માત્ર પરિવર્તનના સમયમાં જરૂરી છે, જ્યારે નિયમિત શૈક્ષણિક કામગીરી માટે વ્યવસ્થાપન પૂરતું છે

(D) વ્યવસ્થાપન ઔપચારિક પદ સાથે અને નેતૃત્વ માત્ર અનૌપચારિક પ્રભાવ સાથે સંબંધિત હોવાથી બંને સ્વતંત્ર છે

126. લેવિનના મોડલમાં “Refreezing”નો આધુનિક અને યોગ્ય અર્થ કયો છે?

(A) નવી પ્રથાને નિયમિત કાર્ય, નીતિ અને સંસ્કૃતિમાં સ્થિર કરવી, પરંતુ જરૂરી શીખ માટે ખુલ્લી રાખવી

(B) સફળ પાયલટ પછી પ્રક્રિયાને કાયમી બનાવી ભવિષ્યના સ્થાનિક ફેરફારો પર પ્રતિબંધ મૂકવો

(C) પરિવર્તનના પ્રારંભિક પરિણામો જાહેર કરીને પ્રોજેક્ટ ટીમને વિસર્જિત કરી દેવી

(D) જૂની પદ્ધતિ ફરી શરૂ ન થાય તે માટે તમામ વહીવટી વિવેક કેન્દ્રીય અધિકારી પાસે રાખવું

127. રૂપાંતરકારી નેતૃત્વની મુખ્ય મર્યાદા કઈ દેખાય છે?

(A) અધિકારીએ દૃષ્ટિ રજૂ કરી હોવાથી સંસાધનની જવાબદારી હવે શાળા-આચાર્યોની બને છે

(B) રૂપાંતરકારી નેતૃત્વમાં દૃષ્ટિ મહત્વની હોવાથી અમલીકરણની પ્રક્રિયા વ્યવસ્થાપકોને સોંપવી યોગ્ય છે

(C) પ્રેરણાત્મક દૃષ્ટિને ક્ષમતા, માળખું અને અમલીકરણ-સહાય સાથે જોડવામાં આવી નથી

(D) શિક્ષકોને પ્રેરણા મળી હોય ત્યારે તાલીમ આપવાથી તેમની સ્વતંત્ર નવીનતા મર્યાદિત થઈ શકે છે

128. ફરિયાદ-નિવારણમાં કયો અભિગમ નાગરિકકેન્દ્રી વહીવટને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

(A) ફરિયાદના સ્વરૂપ મુજબ અધિકારી નક્કી કરે ત્યારે જ નોંધણી કરી અનાવશ્યક ફરિયાદનો ભાર ઘટાડવો

(B) ફરિયાદ માત્ર લેખિત અને કાનૂની ભાષામાં સ્વીકારી ખોટા આક્ષેપ સામે જવાબદારી નક્કી કરવી

(C) સુલભ નોંધણી, સમયબદ્ધ કાર્યવાહી, સ્થિતિની માહિતી, કારણસભર જવાબ અને અપીલનો માર્ગ આપવો

(D) ફરિયાદનો ઝડપી નિકાલ કરવા તમામ ફરિયાદને સંતોષકારક કે અસંતોષકારક એમ બે શ્રેણીમાં બંધ કરવી

129. જવાબદારી (Accountability) અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. Answerability એટલે નિર્ણય અને પરિણામનું કારણ સમજાવવાની ફરજ.

2. Enforceability એટલે નિયમભંગ કે નિષ્ફળતા સામે યોગ્ય પરિણામ લાગુ કરવાની ક્ષમતા.

3. પરિણામ માપવાથી સંપૂર્ણ જવાબદારી સુનિશ્ચિત થઈ જાય છે.

4. જવાબદારી ઉપર, નીચે અને સમસ્તરીય–વિવિધ દિશામાં હોઈ શકે છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 3 અને 4

130. શૈક્ષણિક વિકેન્દ્રીકરણનો સૌથી યોગ્ય અર્થ કયો છે?

(A) નિર્ણયસત્તા, સંસાધન અને જવાબદારીને યોગ્ય નીચલા સ્તરે સોંપવી તથા જરૂરી ક્ષમતા ઊભી કરવી

(B) ઉચ્ચ કચેરીની તમામ કામગીરી શાળાને સોંપી જિલ્લા અને તાલુકા સ્તરની મંજૂરીપ્રક્રિયા દૂર કરવી

(C) શાળાને પોતાના નિયમ, અભ્યાસક્રમ અને સેવા-શરતો ઘડવાનો સંપૂર્ણ સ્વતંત્ર અધિકાર આપવો

(D) વહીવટી ખર્ચ ઘટાડવા જવાબદારી નીચલા સ્તરે મોકલવી, પરંતુ નાણાં અને નિર્ણયસત્તા ઉપર રાખવી

131. જાહેર નીતિની પ્રક્રિયાનો સૌથી તર્કસંગત ક્રમ કયો છે?

(A) સમસ્યા-ઓળખ → નીતિવિકલ્પો → નિર્ણય → અમલીકરણ → નિરીક્ષણ અને મૂલ્યાંકન → પ્રતિપોષણ

(B) નીતિનિર્ણય → સમસ્યા-ઓળખ → અમલીકરણ → વિકલ્પવિશ્લેષણ → મૂલ્યાંકન → પ્રતિપોષણ

(C) અમલીકરણ → હિતધારક પરામર્શ → સમસ્યા-ઓળખ → કાયદો → મૂલ્યાંકન → બજેટ

(D) મૂલ્યાંકન → નિર્ણય → અમલીકરણ → સમસ્યાની વ્યાખ્યા → વિકલ્પવિશ્લેષણ → સમાપ્તિ

132. જિલ્લા શિક્ષણાધિકારી તમામ શાળાઓને સમાન અનુદાન આપે છે અને કહે છે કે તે નિષ્પક્ષતા દર્શાવે છે. પરંતુ અંતરિયાળ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની વધુ સંખ્યા ધરાવતી શાળાઓની જરૂરિયાત પૂરી થતી નથી. આમાં કયું સુશાસન-તત્વ નબળું છે?

(A) આર્થિક કાર્યક્ષમતા, કારણ કે નાની શાળાઓ પર થતો પ્રતિ-વિદ્યાર્થી ખર્ચ સ્વાભાવિક રીતે વધુ હોય છે

(B) કાયદાનું શાસન, કારણ કે એકસમાન અનુદાનની પદ્ધતિ માટે અલગ અધિનિયમ ઘડાયેલો નથી

(C) પારદર્શિતા, કારણ કે અનુદાનની રકમ જાહેર કર્યા વિના સમાન રીતે વહેંચવામાં આવી છે

(D) ન્યાયીતા, કારણ કે સમાન ફાળવણીથી અસમાન જરૂરિયાત અને વાસ્તવિક અવરોધો ધ્યાન બહાર રહે છે

133. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) અને યુનેસ્કો દ્વારા નિર્ધારિત 'શિક્ષણમાં સુશાસન' (Good Governance in Education) ના ૮ સ્તંભો સંદર્ભે નીચેના વિધાનો ધ્યાને લો:

1. સહભાગિતા એ સુનિશ્ચિત કરે છે કે શૈક્ષણિક નીતિ નિર્માણમાં શિક્ષકો, વાલીઓ અને નાગરિક સમાજનો અવાજ સામેલ હોય.

2. કાયદાનું શાસન શૈક્ષણિક સંસ્થાઓમાં માનવ અધિકારો, બાળ સુરક્ષા અને નિષ્પક્ષ કાનૂની માળખાની જાળવણીની બાંહેધરી આપે છે.

3. પારદર્શિતાનો અર્થ એ છે કે શૈક્ષણિક નિર્ણયો અને નાણાકીય ફાળવણીના કારણો અને માહિતી જાહેર જનતા માટે મુક્તપણે સુલભ હોય.

4. પ્રતિભાવશીલતા અંતર્ગત શૈક્ષણિક તંત્ર તમામ હિતધારકોની વાજબી ફરિયાદો અને જરૂરિયાતોનું નિર્ધારિત સમયમર્યાદામાં નિરાકરણ લાવે છે.

ઉપરોક્ત પૈકી કયાં વિધાનો સત્ય છે?

(A) માત્ર 1, 2 અને 3 સત્ય છે જ્યારે વિધાન 4 માત્ર ખાનગી કંપનીઓને લાગુ પડે છે.

(B) માત્ર 2, 3 અને 4 સત્ય છે જ્યારે વિધાન 1 લોકશાહી શાસનનો ભાગ નથી.

(C) 1, 2, 3 અને 4 તમામ વિધાનો શિક્ષણમાં સુશાસનના મૂળભૂત લક્ષણો તરીકે સત્ય છે.

(D) માત્ર 1 અને 4 સત્ય છે જ્યારે વિધાન 2 અને 3 અવ્યવહારુ આદર્શો છે.

134. પ્રોજેક્ટ-સાયકલનો સૌથી તર્કસંગત ક્રમ કયો છે?

(A) અમલીકરણ → સમસ્યાની ઓળખ → મૂલ્યાંકન → આયોજન → મંજૂરી → સમાપ્તિ

(B) મૂલ્યાંકન → બજેટ → સમસ્યાની ઓળખ → અમલીકરણ → ડિઝાઇન → અનુવર્તન

(C) નિદાન → રચના-મૂલ્યાંકનયોગ્યતા → સંસાધનની મંજૂરી → અમલીકરણ → મૂલ્યાંકન

(D) સંસાધન-ફાળવણી → અમલીકરણ → હિતધારક પરામર્શ → લક્ષ્યનિર્ધારણ → પરિણામ-અહેવાલ

135. Theory of Changeનું મુખ્ય કાર્ય કયું છે?

(A) પ્રવૃત્તિથી ઇચ્છિત પરિણામ કેવી રીતે અને કઈ ધારણાઓ હેઠળ આવશે તેનો કારણાત્મક માર્ગ સ્પષ્ટ કરવો

(B) પ્રોજેક્ટની તમામ પ્રવૃત્તિ તારીખવાર ગોઠવી વિલંબ માટે જવાબદાર વ્યક્તિ નક્કી કરવી

(C) બજેટની દરેક ખર્ચવસ્તુને પ્રોજેક્ટના એકમાત્ર અંતિમ પરિણામ સાથે ગાણિતિક રીતે જોડવી

(D) અગાઉ સફળ થયેલો પ્રોજેક્ટ નવા સંદર્ભમાં પણ સફળ થશે તે સૈદ્ધાંતિક રીતે સ્વીકારી લેવો

136. પ્રોજેક્ટના Input, Activity, Output અને Outcomeનો યોગ્ય ક્રમ દર્શાવતો વિકલ્પ કયો છે?

(A) તાલીમ માટે બજેટ → શિક્ષક તાલીમ → તાલીમ પૂર્ણ કરનાર શિક્ષકો → વર્ગપ્રથામાં સુધારો

(B) શિક્ષક તાલીમ → તાલીમનું બજેટ → વર્ગપ્રથામાં સુધારો → તાલીમ પૂર્ણ કરનાર શિક્ષકો

(C) તાલીમ પૂર્ણ કરનાર શિક્ષકો → બજેટ → તાલીમ → વિદ્યાર્થીના પરિણામમાં લાંબા ગાળાનો સુધારો

(D) વર્ગપ્રથામાં સુધારો → તાલીમ → તાલીમનું બજેટ → તાલીમ પૂર્ણ કરનાર શિક્ષકો

137. પ્રોજેક્ટ વ્યવસ્થાપનમાં 'ટ્રિપલ કન્સ્ટ્રેઇન્ટ' (Triple Constraint / Project Management Triangle) ના ત્રણ પરસ્પર સંકળાયેલા ઘટકો કયા છે?

(A) શિક્ષક, વિદ્યાર્થી અને વાલી

(B) વાંચન, લેખન અને ગણન

(C) સમય, ખર્ચ/બજેટ અને કાર્યક્ષેત્ર/ગુણવત્તા

(D) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

138. શિક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવતા 'પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ' (PGI) અંતર્ગત નીચેના પૈકી કયા કાર્યક્ષેત્ર (Domain) ને સૌથી વધુ ગુણભાર આપવામાં આવ્યો છે?

(A) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ (Infrastructure & Facilities)

(B) અધ્યયન પરિણામો અને ગુણવત્તા (Learning Outcomes & Quality)

(C) શાસન અને વ્યવસ્થાપન પ્રક્રિયાઓ (Governance and Management Processes)

(D) સમાનતા અને સમાવેશી પહોંચ (Equity & Access)

139. જિલ્લા કક્ષાના શૈક્ષણિક આયોજનનું સૌથી યોગ્ય સ્વરૂપ કયું છે?

(A) રાજ્યનાં લક્ષ્યો, સ્થાનિક સમસ્યા, ઉપલબ્ધ સંસાધન અને હિતધારકોના પુરાવાને જોડતું ગતિશીલ આયોજન

(B) રાજ્ય કક્ષાના વાર્ષિક આયોજનને શાળાની સંખ્યાના પ્રમાણમાં વહેંચીને જિલ્લામાં લાગુ કરતું આયોજન

(C) અગાઉના વર્ષના ખર્ચમાં નિયત ટકાવારી ઉમેરી દરેક કાર્યક્રમ માટે સમાન બજેટ ફાળવતું આયોજન

(D) જિલ્લા-સરેરાશના આધારે એકરૂપ લક્ષ્યો નક્કી કરી દરેક તાલુકાને સમાન પ્રવૃત્તિ આપતું આયોજન

140. જનરેટિવ AI અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તે શીખેલા પેટર્નના આધારે નવું લખાણ, ચિત્ર અથવા અન્ય સામગ્રી પેદા કરી શકે છે.

2. ભાષા સુસંગત અને આત્મવિશ્વાસપૂર્ણ જવાબ તેની તથ્યાત્મક સત્યતાની ખાતરી આપે છે.

3. એક જ promptને જુદા પ્રસંગે થોડા જુદા જવાબ મળી શકે છે.

4. તેનો output શૈક્ષણિક ઉપયોગ પહેલાં હેતુ અને વિશ્વસનીયતા મુજબ તપાસવો જોઈએ.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 1, 2 અને 4

(C) માત્ર 2, 3 અને 4

(D) માત્ર 1, 3 અને 4

141. સગીર વિદ્યાર્થીઓના ડેટા અંગે સંમતિ મેળવતી વખતે કયો અભિગમ સૌથી નૈતિક છે?

(A) સેવા શૈક્ષણિક રીતે લાભદાયી હોવાથી નોંધણી કરાવવાથી સંમતિ આપમેળે અનુમાનિત કરવી

(B) સરળ ભાષામાં હેતુ, માહિતી, ઉપયોગ, જોખમ અને વિકલ્પ સમજાવી લાગુ નિયમ મુજબ વાલી-સંમતિ મેળવવી

(C) વાલીને privacy policyની link આપીને ઉપયોગ ચાલુ રાખે તો informed consent ગણવી

(D) બહુમતી વાલી સંમત હોય તો બાકીના વિદ્યાર્થીઓનું data પણ સમૂહહિતમાં process કરવું

142. વિદ્યાર્થીએ AIની મદદથી પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. શૈક્ષણિક પ્રામાણિકતા અને AI literacy બંને જાળવતો અભિગમ કયો છે?

(A) AIનો ઉપયોગ જાહેર કરાવવો, prompt/સુધારાની પ્રક્રિયા બતાવવી અને તથ્યચકાસણી તથા વ્યક્તિગત તર્કનું મૂલ્યાંકન કરવું

(B) AI વાપર્યું હોય તો સમગ્ર પ્રોજેક્ટને નકલ ગણી શૂન્ય ગુણ આપવો, ભલે ઉપયોગનું સ્વરૂપ જુદું હોય

(C) AI આધુનિક શૈક્ષણિક સાધન હોવાથી તેનો ઉપયોગ પરંપરાગત સ્રોતની જેમ અલગથી જાહેર કરવો જરૂરી નથી

(D) ભાષાશૈલીથી AI ઉપયોગ શોધી શકાય, હોવાથી વિદ્યાર્થીઓને માત્ર મૌખિક પુષ્ટિ આપવા જણાવવું.

143. Learning Analyticsનો સૌથી જવાબદાર ઉપયોગ કયો છે?

(A) LMS પરના સમય પરથી વિદ્યાર્થીની મહેનત અને પ્રેરણાનો અંતિમ ગુણાંક તૈયાર કરવો

(B) વિવિધ અધ્યયન-સંકેતોમાંથી મુશ્કેલીની સંભાવના ઓળખી શિક્ષક દ્વારા વધારાની તપાસ અને સહાય કરવી

(C) ઓછો ઑનલાઇન સમય ધરાવતા વિદ્યાર્થીઓને આપમેળે નબળી સિદ્ધિના જૂથમાં સ્થાન આપવું

(D) વિદ્યાર્થીના તમામ ડિજિટલ વર્તનનું લાંબા ગાળાનું સંગ્રહ કરીને ભવિષ્યની દરેક જરૂરિયાત અનુમાનવી

144. AIથી તૈયાર થયેલા પાઠમાં તથ્યાત્મક ભૂલ છે. શિક્ષક કહે છે, “સોફ્ટવેરએ જવાબ આપ્યો હોવાથી જવાબદારી કંપનીની છે.” સૌથી યોગ્ય નૈતિક મૂલ્યાંકન કયું છે?

(A) વર્ગમાં ઉપયોગનો વ્યાવસાયિક નિર્ણય શિક્ષકે લીધો હોવાથી outputની યોગ્ય ચકાસણીની જવાબદારી શિક્ષક અને સંસ્થા પર પણ રહે છે

(B) સાધનની શરતો સ્વીકારતાં તમામ જવાબદારી વપરાશકર્તાની બને છે; ઉત્પાદકની કોઈ જવાબદારી રહી શકતી નથી

(C) AIથી થયેલી ભૂલ માનવીય ભૂલ ન હોવાથી વિદ્યાર્થીઓને સુધારો જણાવવો પૂરતો છે અને જવાબદારીનો પ્રશ્ન રહેતો નથી

(D) શાળા દ્વારા માન્ય સાધન હોય તો શિક્ષકે output પર વિશ્વાસ કરવો વાજબી છે અને અલગ ચકાસણી અનાવશ્યક છે

145. જિલ્લાના સમાવેશી શિક્ષણ અંગે સ્થિતિ આ મુજબ છે:

- તમામ શાળાઓમાં પ્રવેશની નીતિ ખુલ્લી છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રેમ્પ છે, પરંતુ વર્ગસામગ્રી સુલભ નથી.
- કન્યાઓની નોંધણી ઊંચી છે, પરંતુ નેતૃત્વપ્રવૃત્તિમાં ભાગ ઓછો છે.
- શહેરી વંચિત બાળકો નિયમિત સ્થાનબદલીને કારણે ગેરહાજર રહે છે.
- સ્થળાંતરિત બાળકોને વય કરતાં નીચલા ધોરણમાં મૂકવામાં આવે છે.
- જિલ્લો કુલ નોંધણીને મુખ્ય સફળતાસૂચક માને છે.
- વધારાનું બજેટ મર્યાદિત છે.

સૌથી યોગ્ય જિલ્લા-વ્યૂહરચના કઈ છે?

(A) કુલ નોંધણી ઊંચી હોવાથી ભૌતિક સુવિધા વધારી આગામી વર્ષે પરીક્ષા-પરિણામને બીજો મુખ્ય સૂચક બનાવવો

(B) દરેક જૂથ માટે અલગ શાળા અથવા વિભાગ બનાવી તેમની વિશિષ્ટ જરૂરિયાત માટે સંસાધન કેન્દ્રિત કરવું

(C) પ્રવેશ સાથે સહભાગિતા, સુલભતા, સાતત્ય અને અધ્યયનના જૂથવાર અવરોધ ઓળખી અગ્રતાક્રમિત સુધારો કરવો

(D) બજેટ મર્યાદિત હોવાથી સૌથી મોટી સંખ્યાવાળા જૂથને સહાય આપી અન્ય માટે સ્વૈચ્છિક સંસ્થાનું સંકલન કરવું

146. જિલ્લામાં સ્થળાંતરિત બાળકોની નોંધણી ઊંચી દર્શાય છે, પરંતુ તેમની વાસ્તવિક હાજરી અજ્ઞાત છે. શ્રેષ્ઠ KPI કયું હશે?

(A) કુલ નોંધાયેલા સ્થળાંતરિત બાળકોની સંખ્યા અને તેમને આપેલ પાઠ્યપુસ્તકોનું પ્રમાણ

(B) બાળકવાર સતત હાજરી, સ્થળાંતર વખતે નોંધનું પરિવહન, પુનઃપ્રવેશ અને અધ્યયનપ્રગતિ

(C) સ્થળાંતરિત બાળકો માટે યોજાયેલી બેઠકો, સર્વે અને વાલીજાગૃતિ કાર્યક્રમોની સંખ્યા

(D) જિલ્લા વસ્તીમાં સ્થળાંતરિત પરિવારોનો અંદાજ અને શાળાઓની કુલ પ્રવેશક્ષમતા

147. ઋતુગત સ્થળાંતર પહેલાં જિલ્લા અધિકારી પાસે મર્યાદિત સમય છે. પ્રાથમિકતા કઈ હોવી જોઈએ?

(A) સંભવિત સ્થળાંતરિત બાળકોની બાળકવાર ઓળખ, ગંતવ્ય, શૈક્ષણિક નોંધ અને સંપર્કવ્યવસ્થા તૈયાર કરવી

(B) સ્થળાંતર રોકવા વાલીઓ પાસેથી બાળકને વતનમાં રાખવાની લેખિત બાંહેધરી મેળવવી

(C) બાળકો પાછાં આવે ત્યારે પુનઃપ્રવેશ અભિયાન ચલાવવું; અગાઉથી માહિતી લેવાથી ખાસ લાભ નથી

(D) સ્થળાંતરિત થનારા તમામ બાળકોને વાર્ષિક પરીક્ષા વહેલી લેવડાવી વર્તમાન ધોરણ પૂર્ણ કરાવવું

148. શિક્ષક વિજ્ઞાનપ્રયોગમાં સાધન ચલાવવાનું કામ હંમેશાં કુમારોને અને નોંધ લખવાનું કામ કન્યાઓને આપે છે. બંને જૂથને સમાન ગુણ મળે છે. મુખ્ય સમસ્યા કઈ છે?

(A) ગુણ સમાન હોવાથી મૂલ્યાંકન ન્યાયી છે, પરંતુ કાર્યક્ષમતા માટે જવાબદારીનું rotation ઉપયોગી બની શકે છે

(B) નોંધ લખવાનું કાર્ય ઓછું શૈક્ષણિક હોવાથી માત્ર કન્યાઓના પરિણામને નુકસાન થઈ શકે છે

(C) કુમારોનું સાધનકૌશલ્ય સામાન્ય રીતે વધારે હોય છે, તેથી કાર્યવહેંચણી પૂર્વજ્ઞાન મુજબ યોગ્ય છે

(D) રૂઢિગત ભૂમિકાવહેંચણી બંને જૂથને વિવિધ કૌશલ્ય અને ઓળખ વિકસાવવાની સમાન તકથી વંચિત કરે છે

149. શિક્ષક વિદ્યાર્થીઓને સંકલ્પના સમજાવવા માટે નિબંધ, ચિત્રસહિત પ્રસ્તુતિ અથવા મૌખિક રજૂઆતમાંથી પસંદગી આપે છે. મૂલ્યાંકનની ન્યાયીતા ક્યારે જળવાય?

(A) ત્રણેય રીતે સમાન મૂળ કુશળતા મપાય અને અસંબંધિત માધ્યમકૌશલ્યને અનાવશ્યક વજન ન મળે ત્યારે

(B) દરેક વિકલ્પને અલગ કઠિનતા અને અલગ મહત્તમ ગુણ આપીને વિદ્યાર્થી પોતાની ક્ષમતા મુજબ પસંદ કરે ત્યારે

(C) મૌખિક રજૂઆત પસંદ કરનારને ભાષા અને વિષયજ્ઞાન બંનેના વધારાના ગુણ આપવામાં આવે ત્યારે

(D) વિદ્યાર્થીઓની પસંદગી સંપૂર્ણ સ્વતંત્ર હોય અને શિક્ષક કોઈ સામાન્ય scoring criteria ન રાખે ત્યારે

150. Universal Design for Learning—UDL અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. અધ્યયનસામગ્રી રજૂ કરવાની વિવિધ રીતો ઉપલબ્ધ કરાવવી તેનો એક સિદ્ધાંત છે.

2. દરેક વિદ્યાર્થી માટે અલગ વ્યક્તિગત અભ્યાસક્રમ બનાવવો UDLની ખાસ શરત છે.

3. વિદ્યાર્થી શીખેલું વિવિધ સ્વરૂપે રજૂ કરી શકે તેવી તક આપવી ઉપયોગી છે.

4. સહભાગિતા અને પ્રેરણા માટે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ કરાવવાનું તેમાં મહત્વ છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 2, 3 અને 4

(D) માત્ર 1, 2 અને 4

151. માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી માટે Whole-School Approachનું શ્રેષ્ઠ સ્વરૂપ કયું છે?

(A) માનસિક મુશ્કેલીની વહેલી ઓળખ, પ્રાથમિક નોંધણી, નિષ્ણાતને રેફરલ, પરિવારને જાણ અને અનુસરણની વ્યવસ્થા જોડવી.

(B) દરેક વિદ્યાર્થીનું સમયાંતરે માનસિક મૂલ્યાંકન, જોખમવર્ગીકરણ, જૂથવાર માર્ગદર્શન અને પ્રગતિની સમીક્ષા જોડવી.

(C) કાઉન્સેલરની આગેવાની હેઠળ વ્યક્તિગત પરામર્શ, વર્તનસહાય, તાલીમ, વાલી-સંવાદ અને જરૂરિયાત મુજબ રેફરલ જોડવું.

(D) સુરક્ષિત-સમાવેશી શાળા-સંસ્કૃતિ, જીવનકૌશલ્ય શિક્ષણ, પ્રારંભિક સહાય, કર્મચારી-સુખાકારી, નિષ્ણાતને રેફરલ અને સંકટ-પ્રતિભાવની વ્યવસ્થા જોડવી.

152. શાળામાં Mock Drillનો મુખ્ય હેતુ કયો છે?

(A) વિદ્યાર્થીઓ કેટલા ઝડપથી બહાર નીકળે છે તેનો સમય લઈ સૌથી ઝડપી વર્ગને ઇનામ આપવું

(B) કોઈ પૂર્વમાહિતી વિના ભયજનક પરિસ્થિતિ ઊભી કરીને વાસ્તવિક પ્રતિભાવનું નિષ્પક્ષ પરીક્ષણ કરવું

(C) યોજના, ભૂમિકા, માર્ગ અને સંકલનનું સલામત પરીક્ષણ કરી ખામી ઓળખીને સુધારવી

(D) સંબંધિત અધિકારીઓ સમક્ષ નિયમપાલનનું વાર્ષિક પ્રદર્શન કરીને પ્રમાણપત્ર મેળવવું

153. શાળા સલામતી અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. સલામતીમાં ભૌતિક, સાંવેગિક, સામાજિક અને ડિજિટલ પરિમાણો સામેલ છે.
2. સલામતી ઑડિટ માત્ર ઇમારતના ઇજનેરી પ્રમાણપત્રથી પૂર્ણ થાય છે.
3. વિદ્યાર્થીઓ જોખમ ક્યાં અને કેવી રીતે અનુભવે છે તે અંગે ઉપયોગી માહિતી આપી શકે છે.
4. સલામતી સતત પ્રક્રિયા છે; એક વખતનું પ્રમાણપત્ર પૂરતું નથી.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

154. ધોરણ 7ની વિદ્યાર્થીની શિક્ષિકાને કહે છે કે ઓળખીતો પુખ્ત વ્યક્તિ તેને અયોગ્ય રીતે સ્પર્શે છે, પરંતુ તે કહે છે, "મારા વાલીને ન કહેશો અને કોઈ ફરિયાદ પણ ન કરશો." શિક્ષિકાનું સૌથી યોગ્ય પ્રથમ વર્તન કયું છે?

(A) બાળકની ગોપનીયતાનું વચન જાળવી પહેલાં ઘટનાની સંપૂર્ણ વ્યક્તિગત તપાસ કરીને સત્યતા નક્કી કરવી
(B) શાંતિથી સાંભળવું, બાળક દોષિત નથી તે જણાવવું, તાત્કાલિક સુરક્ષા જોવી અને નિર્ધારિત સત્તાને જાણ કરવી
(C) બાળક તૈયાર ન હોય ત્યાં સુધી કોઈ જાણ ન કરવી, કારણ કે ફરિયાદથી તેને વધુ માનસિક નુકસાન થઈ શકે છે
(D) આરોપીને ગોપનીય રીતે બોલાવી તેનું સ્પષ્ટીકરણ લઈને બંને નિવેદન વચ્ચેની સુસંગતતા તપાસવી

155. ટીમમાં બધા સભ્યો આચાર્યના પ્રસ્તાવ સાથે તરત સહમત થાય છે, ભલે કેટલાકને ખાનગી રીતે શંકા હોય. આ કઈ સમસ્યાનો સંકેત છે?

(A) Social loafing—કેટલાક સભ્યો સમૂહમાં ઓછો વ્યક્તિગત પ્રયત્ન કરે છે
(B) Groupthink—એકતા અથવા સત્તાના દબાણથી વિકલ્પ અને જોખમનું સમીક્ષાત્મક પરીક્ષણ ઘટે છે
(C) Role ambiguity—સભ્યોને પોતાની કામગીરી અને સત્તાની સ્પષ્ટ સમજ નથી
(D) Task conflict—કાર્યની પદ્ધતિ અંગે ખુલ્લી અસંમતિથી નિર્ણયમાં વિલંબ થાય છે

156. "Recency Effect" ઘટાડવા માટે કયો ઉપાય શ્રેષ્ઠ છે?

(A) શિક્ષકને પોતાનું શ્રેષ્ઠ કાર્ય પસંદ કરવા આપી તેના આધારે વાર્ષિક ગુણ નક્કી કરવા

(B) વાર્ષિક સમીક્ષા પહેલાં તાજેતરના બે અવલોકન લઈને વર્તમાન ક્ષમતાને અગ્રતા આપવી

(C) અગાઉની કામગીરીનો પ્રભાવ દૂર કરવા માત્ર વર્ષના અંતિમ પરિણામનો ઉપયોગ કરવો

(D) સમગ્ર સમયગાળાના તારીખવાળા પુરાવા અને સમયાંતરે થયેલી પ્રગતિચર્ચાનો ઉપયોગ કરવો

157. શિક્ષક પ્રદર્શન સંચાલન અને વાર્ષિક પ્રદર્શન-મૂલ્યાંકન વચ્ચેનો સૌથી યોગ્ય ભેદ કયો છે?

(A) પ્રદર્શન સંચાલન સતતપણે લક્ષ્ય, સહાય, પ્રતિપોષણ અને વિકાસની પ્રક્રિયા છે; વાર્ષિક મૂલ્યાંકન તેનો એક ભાગ હોઈ શકે છે

(B) પ્રદર્શન સંચાલન નબળા શિક્ષક માટે છે; વાર્ષિક મૂલ્યાંકન તમામ શિક્ષકોની પ્રમોશન પ્રક્રિયા છે

(C) પ્રદર્શન સંચાલન શૈક્ષણિક પરિણામ માપે છે; વાર્ષિક મૂલ્યાંકન માત્ર વર્તન અને હાજરી તપાસે છે

(D) બંને સમાન પ્રક્રિયા છે; સતત પ્રતિપોષણ ઉમેરવાથી વાર્ષિક મૂલ્યાંકનનું નામ બદલાય છે

158. જિલ્લામાં કુલ શિક્ષકોની સંખ્યા પૂરતી છે, છતાં અંતરિયાળ શાળાઓમાં ખાલી જગ્યા અને શહેરમાં વધારાના શિક્ષકો છે. આ સમસ્યાનું શ્રેષ્ઠ વર્ણન કયું છે?

(A) ભરતીની ખાધ, કારણ કે કુલ સંખ્યાની ગણતરીમાં શાળાવાર મંજૂર જગ્યાનો સમાવેશ થયો નથી

(B) કૌશલ્યની ખાધ, કારણ કે શહેરના શિક્ષકોને અંતરિયાળ શિક્ષણ અંગે પૂરતી તાલીમ આપવામાં આવી નથી

(C) વિતરણ અને જાળવણીની ખાધ, કારણ કે કુલ પૂરવઠો હોવા છતાં સ્થાનવાર ઉપલબ્ધતા અસમાન છે

(D) ઉત્પાદકતાની ખાધ, કારણ કે વધારાના શિક્ષકોનું પરિણામમાં યોગદાન માપવામાં આવ્યું નથી

159. વિદ્યાર્થીસુરક્ષાની ઘટના પછી મીડિયા બાળકનું નામ પૂછે છે અને કહે છે કે પારદર્શિતા માટે ઓળખ જરૂરી છે. અધિકારી શું કરે?

(A) બાળકની ઓળખ અને સંવેદનશીલ વિગતો સુરક્ષિત રાખી માત્ર ચકાસેલ, કાયદેસર અને બાળકહિતસંગત માહિતી આપવી

(B) વાલી સંમતિ આપે તો બાળકનું નામ અને શાળાની વિગતો જાહેર કરી અફવા અટકાવવી

(C) તપાસ ચાલુ હોવાથી ઘટનાની કોઈ માહિતી ન આપવી અને મીડિયાને પોલીસનો સંપર્ક કરવા કહેવું

(D) બાળકનું નામ ન આપીને તેનું ધોરણ, વિસ્તાર, પરિવાર અને ઘટનાક્રમની સંપૂર્ણ વિગતો આપવી

160. સામુદાયિક ગતિશીલતામાં Gatekeeper Captureનું યોગ્ય ઉદાહરણ કયું છે?

(A) સ્થાનિક નેતા અધિકારીઓને સમુદાય સાથે જોડે અને વિવિધ જૂથના પ્રતિનિધિ સાથે બેઠક ગોઠવે

(B) પ્રભાવશાળી વ્યક્તિ સમુદાયના એકમાત્ર પ્રતિનિધિ તરીકે માહિતી અને લાભ પોતાના જૂથ તરફ વાળે

(C) આચાર્ય દરેક ફરિયાદ શાળા વ્યવસ્થાપન સમિતિ મારફતે લે, જેથી વ્યક્તિગત દબાણ ઘટે

(D) સમુદાયમાં અલગ મત હોવાથી અધિકારી નિર્ણય માટે બહુમતીના અભિપ્રાયનો ઉપયોગ કરે

161. શિક્ષકની અછત માપવા કયું સૂચક સૌથી ઓછું પૂરતું છે?

(A) જિલ્લામાં કુલ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર

(B) શાળાવાર અને વિષયવાર મંજૂર જગ્યા સામે ઉપલબ્ધ શિક્ષક

(C) વર્ગને મળતો વાસ્તવિક શિક્ષણસમય અને બહુધોરણીય વર્ગની સ્થિતિ

(D) સ્થાનાંતર, રજા, નિવૃત્તિ અને કર્મચારી-ત્યાગના સમયગત નમૂનાઓ

162. પૂરને કારણે જિલ્લાના 40 ટકા શાળાભવન વાપરવા યોગ્ય નથી. પ્રથમ 48 કલાકમાં શિક્ષણાધિકારીની અગ્રતા કઈ હોવી જોઈએ?

(A) તમામ ક્ષતિનું વિગતવાર નાણાકીય મૂલ્યાંકન પૂર્ણ કરીને શાળા ફરી શરૂ કરવાની તારીખ જાહેર કરવી

(B) બાળક-કર્મચારીની સુરક્ષા અને ગણતરી, સંપર્ક, આશ્રયસંકલન તથા શિક્ષણસાતત્યની પ્રાથમિક વ્યવસ્થા કરવી

(C) જે શાળાભવનને ઓછું નુકસાન થયું હોય ત્યાં તરત નિયમિત સમયપત્રક શરૂ કરી હાજરી ફરજિયાત કરવી

(D) દરેક શાળા પોતાની સ્થાનિક વ્યવસ્થા કરે અને જિલ્લા કચેરી રાજ્ય પાસેથી ભંડોળ મેળવવા ધ્યાન આપે

163. એક શાળાનું સતત ત્રણ વર્ષથી પરિણામ નબળું છે. ઉપલબ્ધ માહિતી નીચે મુજબ છે:

- શિક્ષકોની હાજરી નિયમિત છે.
- વિદ્યાર્થીની હાજરી 62 ટકા છે.
- મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રથમ પેઢીના શીખનાર છે.
- આચાર્ય દર અઠવાડિયે પાઠ્યક્રમ-પૂર્ણતાનો અહેવાલ લે છે.
- વિદ્યાર્થીકાર્યનું નિદાનાત્મક વિશ્લેષણ થતું નથી.
- જિલ્લા અધિકારીનું પ્રથમ યોગ્ય પગલું કયું છે?

(A) હાજરી, વિદ્યાર્થીકાર્ય, વર્ગપ્રક્રિયા અને ઘરપરિસ્થિતિનું ત્રિકોણીકરણ કરીને મૂળ કારણોનું નિદાન કરવું

(B) નબળા પરિણામ માટે આચાર્યને કારણદર્શક નોટિસ આપી આગામી પરીક્ષાનું લઘુતમ લક્ષ્ય નક્કી કરવું

(C) પાઠ્યક્રમ સમયસર પૂર્ણ થતો હોવાથી વિદ્યાર્થીઓ માટે શાળાપછીના વધારાના વર્ગ ફરજિયાત કરવાં

(D) તમામ શિક્ષકોને વિષયજ્ઞાનની તાલીમ આપી ત્રણ મહિના પછી સમાન કસોટીથી સુધારો માપવો

164. જિલ્લામાં એક સફળ શાળાની પદ્ધતિ 500 શાળામાં લાગુ કરવાની છે. વ્યાપવિસ્તારનો સૌથી યોગ્ય અભિગમ કયો છે?

(A) પદ્ધતિનું કાર્યકારી તત્વ, જરૂરી પરિસ્થિતિ અને અમલીકરણ-ખર્ચ ઓળખી તબક્કાવાર અનુકૂલન કરવું.

(B) સફળ શાળાનું સંપૂર્ણ મોડેલ યથાવત્ લાગુ કરવું, જેથી ફેરફારથી તેની અસર નબળી ન પડે.

(C) દરેક શાળાને પોતાની રીતે મોડેલનો અર્થઘટન કરવા આપી માત્ર અંતિમ પરિણામની તુલના કરવી.

(D) સૌથી નબળી શાળાઓમાં પ્રથમ અમલ કરવો, કારણ કે ત્યાં અસરનું કદ સૌથી મોટું મળવાની શક્યતા છે.

165. Individualized Education Plan—IEPનું સૌથી યોગ્ય સ્વરૂપ કયું છે?

(A) બાળકનું નિદાન, મર્યાદા અને સામાન્ય વર્ગમાંથી મુક્ત રાખવાની પ્રવૃત્તિ દર્શાવતો તબીબી દસ્તાવેજ

(B) દરેક દિવ્યાંગ બાળક માટે સામાન્ય અભ્યાસક્રમથી જુદો અને સરળ વાર્ષિક અભ્યાસક્રમ

(C) વર્તમાન ક્ષમતા, અગ્રતાક્રમિત લક્ષ્ય, સહાય, જવાબદારી, માપદંડ અને સમીક્ષાવાળી સહિયારી યોજના

(D) વિશેષ શિક્ષક દ્વારા બનાવેલો ગોપનીય કાર્યક્રમ, જેને સામાન્ય શિક્ષકને જરૂર હોય ત્યારે સમજાવવામાં આવે

166. એક કારકિર્દી-માર્ગદર્શન કાર્યક્રમમાં કન્યાઓને શિક્ષણ અને આરોગ્યક્ષેત્ર તથા કુમારોને ઇજનેરી અને સુરક્ષાક્ષેત્રના વિકલ્પો વિશેષ સમજાવવામાં આવે છે. આ આયોજનની મુખ્ય મર્યાદા કઈ છે?

(A) ક્ષેત્રોની સંખ્યા બંને જૂથ માટે સમાન નથી, તેથી દરેકને સમાન સંખ્યામાં કારકિર્દી બતાવવી જોઈએ

(B) રસ અને ક્ષમતાની વ્યક્તિગત વિવિધતાને બદલે લિંગઆધારિત પૂર્વધારણા તક અને આકાંક્ષા મર્યાદિત કરે છે

(C) કન્યાઓને સ્થાનિક રોજગારવાળા વ્યવસાય બતાવવાથી તેમની સતત શિક્ષણની સંભાવના સ્વાભાવિક રીતે વધે છે

(D) કારકિર્દી-માર્ગદર્શન માધ્યમિક શાળા સ્તરનું કાર્ય છે; શિક્ષણાધિકારી માટે તેનો કોઈ સમાવેશી અર્થ નથી

167. Gender-responsive Budgetingનો સૌથી યોગ્ય ઉપયોગ કયો છે?

(A) કુલ શિક્ષણબજેટને કન્યા અને કુમારની સંખ્યાના પ્રમાણમાં બે સમાન વિભાગમાં વહેંચવો

(B) કન્યાઓને સીધો લાભ આપતા ખર્ચને gender budget અને સામાન્ય શૈક્ષણિક ખર્ચને gender-neutral ગણવો

(C) મહિલાઓ સંચાલિત સંસ્થાને આપવામાં આવતું તમામ અનુદાન લિંગસંવેદનશીલ ખર્ચ તરીકે ગણવું

(D) જુદી બજેટવસ્તુઓથી વિવિધ લિંગપર થતી અસર તપાસી અસમાનતા ઘટાડે તેવી ફાળવણી અને અનુવર્તન કરવું

168. જિલ્લાના સમાવેશી શિક્ષણ અંગે નીચેની સ્થિતિ છે:

- કન્યા અને કુમારની નોંધણી સમાન છે.
- STEM પ્રવૃત્તિમાં કન્યાઓની ભાગીદારી ઓછી છે.
- દિવ્યાંગ બાળકો માટે સાધનો ખરીદાયા છે, પરંતુ તેનો ઉપયોગ ઓછો છે.
- સામાજિક રીતે વંચિત બાળકોની હાજરી અનિયમિત છે.
- લઘુમતી ભાષાના બાળકોને મૂલ્યાંકન સમજવામાં મુશ્કેલી પડે છે.
- તમામ શાળાને સમાન અનુદાન મળે છે.
- અધિકારી "દરેક બાળક માટે સમાન વ્યવસ્થા"ને ન્યાયીતા માને છે.

સૌથી યોગ્ય જિલ્લા-પરિવર્તન વ્યૂહરચના કઈ છે?

(A) સમાન અનુદાન યથાવત્ રાખી દરેક શાળાને કન્યા, દિવ્યાંગ અને વંચિત બાળકો માટે અલગ પ્રવૃત્તિ ફરજિયાત કરવી

(B) નોંધણી સંતોષકારક હોવાથી ભાગીદારી અને હાજરીની સમસ્યા માટે વાલીજાગૃતિ તથા વિદ્યાર્થીપ્રેરણા વધારવી

(C) જૂથવાર અવરોધ તપાસી ઉપયોગક્ષમ સહાય, ભાષાસુગમતા, સહભાગિતાની તક અને જરૂરિયાત આધારિત સંસાધન ગોઠવવું

(D) વિવિધ જરૂરિયાતને કારણે જૂથવાર જુદાં શૈક્ષણિક ધોરણ રાખી દરેકનું પરિણામ પોતાની આધારરેખાથી માપવું

169. બાળઅધિકારના ચાર વ્યાપક પરિમાણોનું સૌથી યોગ્ય સંયોજન કયું છે?

(A) પ્રવેશ, હાજરી, પરીક્ષા અને રોજગાર

(B) જીવન/અસ્તિત્વ, વિકાસ, સંરક્ષણ અને સહભાગિતા

(C) આરોગ્ય, શાળા, પરિવાર અને રમતગમત

(D) સમાનતા, શિસ્ત, જવાબદારી અને સ્વતંત્રતા

170. Juvenile Justice વ્યવસ્થામાં Child in Conflict with Law અને Child in Need of Care and Protection વચ્ચેનો યોગ્ય ભેદ કયો છે?

(A) પ્રથમ બાળક હંમેશાં ગંભીર ગુનો કરે છે; બીજું બાળક માત્ર અનાથ અથવા ત્યજાયેલું હોય છે

(B) પ્રથમ ઉપર ગુનો કરવાનો આરોપ અથવા નિષ્કર્ષ હોય છે; બીજાને સંભાળ, સુરક્ષા અથવા પુનર્વસનની જરૂર હોય છે

(C) પ્રથમ Juvenile Justice Board પાસે અને બીજું સામાન્ય ફોજદારી અદાલત પાસે રજૂ થાય છે

(D) બંને એક જ શ્રેણી છે; બાળક સામે આરોપ હોય ત્યારે તેની સંભાળની જરૂરિયાત ધ્યાનમાં લેવાતી નથી

171. વિદ્યાર્થી શિક્ષકને વ્યક્તિગત સમસ્યા જણાવે છે અને કહે છે કે વાત ગુપ્ત રાખવામાં આવે. શિક્ષકનો યોગ્ય પ્રતિભાવ કયો છે?

(A) સંપૂર્ણ ગોપનીયતાનું વચન આપવું, કારણ કે વિશ્વાસ વિના બાળક પોતાની સમસ્યા જણાવશે નહીં

(B) વાત સાંભળતાં પહેલાં જ તમામ બાળસુરક્ષા માહિતી આચાર્યને મોકલાશે એવું જણાવી સંવાદ અટકાવવો

(C) ગોપનીયતાની મર્યાદા સમજાવવી અને સુરક્ષાજોખમ હોય તો જરૂરી વ્યક્તિ સાથે જરૂરી એટલી માહિતી વહેંચવી

(D) બાળકનું નિવેદન લખાવી વાલીની સહી મળ્યા પછી જ સહાય અથવા referralની પ્રક્રિયા શરૂ કરવી

172. શાળામાંથી ભાગી ગયેલું બાળક પાછું મળી આવે છે. જિલ્લા અધિકારીનું પ્રથમ કાર્ય-પ્રાથમિકતાક્રમ કયું હોવું જોઈએ?

(A) તાત્કાલિક સુરક્ષા અને આરોગ્ય → બાળક સાથે મૈત્રીપૂર્ણ સંવાદ → સક્ષમ તંત્ર સાથે સંકલન → પુનઃપ્રવેશ યોજના

(B) વાલીને સોંપવું → ગેરહાજરીનું કારણ પૂછવું → શાળામાં પ્રવેશ આપવો → અનુસરણ કરવું

(C) શિસ્તપ્રશ્ન તપાસવો → બાળકનું નિવેદન લેવું → વાલીનો જવાબ લેવો → સુરક્ષા મૂલ્યાંકન કરવું

(D) પોલીસ ફરિયાદ કરવી → મીડિયા દ્વારા શોધની જાણ પાછી ખેંચવી → શાળાને સૂચના આપવી → બાળકને પરામર્શ આપવો

173. બાળ-મૈત્રીપૂર્ણ શૈક્ષણિક વાતાવરણનું શ્રેષ્ઠ લક્ષણ કયું છે?

(A) સુરક્ષા સાથે માનમર્યાદા, સમાવેશ, પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા, સહભાગિતા અને સહાયની ઉપલબ્ધતા

(B) કડક નિયમ, સતત દેખરેખ અને ભૂલ માટે તાત્કાલિક પરિણામ, જેથી બાળક જોખમકારક વર્તન ન કરે

(C) બાળકને ગમે તેવી પ્રવૃત્તિની પસંદગી, ભલે અભ્યાસક્રમ અને જવાબદારીમાં ભિન્નતા ઊભી થાય

(D) શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે મિત્રતાપૂર્ણ સંબંધ, જેમાં ઔપચારિક સત્તા અને વર્તનમર્યાદા ઓછામાં ઓછી હોય

174. બાળકના ભાગીદારીના અધિકારનો સૌથી યોગ્ય ઉપયોગ કયો છે?

(A) બાળક સંબંધિત દરેક નિર્ણય તેના મતથી જ લેવો, કારણ કે તેની જિંદગી અંગેનો અંતિમ અધિકાર તેને છે

(B) નાના બાળકનો મત વિશ્વસનીય ન હોવાથી વાલી અથવા શિક્ષક તેના શ્રેષ્ઠ હિતનું પ્રતિનિધિત્વ કરે

(C) વય અને વિકસતી ક્ષમતા મુજબ સમજાય તેવી માહિતી આપી અભિપ્રાય સાંભળવો અને નિર્ણયમાં યોગ્ય વજન આપવું

(D) નિર્ણય થઈ ગયા પછી બાળકને કારણ સમજાવી સહમતિ મેળવવી, જેથી પ્રક્રિયામાં વિલંબ ન થાય

175. સતત વ્યાવસાયિક વિકાસ—CPD અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તાલીમની જરૂરિયાત વિદ્યાર્થી અને શિક્ષકના પુરાવાથી ઓળખી શકાય છે.

2. તાલીમ પૂર્ણતાનું પ્રમાણપત્ર જ તેના વર્ગખંડ ઉપયોગનો પૂરતો પુરાવો છે.

3. સહકર્મચારી-અધ્યયન, coaching અને action research CPDના ભાગ બની શકે છે.

4. CPDને કારકિર્દી અને શાળાના સુધારણા હેતુ સાથે જોડવું ઉપયોગી છે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 3 અને 4

(D) માત્ર 1, 2 અને 4

176. ડેટાઆધારિત નેતૃત્વનું સૌથી મોટું જોખમ કયું છે?

(A) આંકડાનું પ્રમાણ વધતાં અધિકારીને દરેક નિર્ણય માટે વધુ સચોટ કારણાત્મક પુરાવો મળી શકે છે

(B) સરળતાથી માપી શકાય તેવી બાબતને ગુણવત્તાનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ માની અમાપ્ય હેતુ અવગણાઈ શકે છે

(C) ડિજિટલ ડેટા માનવીય રીતે ભરાતો હોવાથી તે ક્યારેય વ્યાવસાયિક નિર્ણય માટે વિશ્વસનીય બની શકતો નથી

(D) ગુણાત્મક અનુભવથી નિર્ણય ધીમો બને છે, તેથી ડેટા અને હિતધારક-અવાજ વચ્ચે પસંદગી કરવી પડે છે

177. શિક્ષકની કારકિર્દી-પ્રગતિનું સૌથી ન્યાયી માળખું કયું છે?

(A) અનુભવ, વરિષ્ઠતા અને ઉચ્ચ લાયકાતને મુખ્ય રાખી પરિણામનો પૂરક ઉપયોગ કરવો

(B) તાલીમ-પ્રમાણપત્ર, હાજરી અને વહીવટી અનુપાલનથી પારદર્શક ગુણાંક બનાવી પ્રમોશન આપવું

(C) સ્પષ્ટ દક્ષતા, પ્રદર્શનના બહુવિધ પુરાવા, વ્યાવસાયિક યોગદાન અને વિકાસની સમાન તક જોડવી

(D) આચાર્યની ભલામણ અને જિલ્લા અધિકારીના ઇન્ટરવ્યૂથી નેતૃત્વક્ષમ શિક્ષક પસંદ કરવો

178. મૂલ્યઆધારિત શિક્ષણનું સૌથી વિશ્વસનીય મૂલ્યાંકન કયું છે?

(A) સત્ય, અહિંસા, કરુણા અને જવાબદારીની વ્યાખ્યા તથા ઉદાહરણની લેખિત કસોટી

(B) વિદ્યાર્થીએ વર્ષ દરમિયાન કરેલી સેવાપ્રવૃત્તિના કુલ કલાક અને મેળવેલા પ્રમાણપત્ર

(C) વિદ્યાર્થીની નૈતિકતા અંગે વર્ગશિક્ષકનો સમગ્ર વર્ષના અનુભવ પરથી આપેલો એકંદર ગુણ

(D) વાસ્તવિક દ્વિધામાં વિદ્યાર્થીનું તર્ક, અન્ય દૃષ્ટિકોણ, પસંદ કરેલી વર્તનક્રિયા અને પ્રતિબિંબનના પુરાવા

179. અધિકારકેન્દ્રી શિક્ષણને જ્ઞાન, કૌશલ્ય, વલણ અને મૂલ્ય આધારિત શિક્ષણ સાથે સંતુલિત કરવાનો સૌથી યોગ્ય અર્થ કયો છે?

(A) વિદ્યાર્થી પોતાના અધિકાર સમજે, સાથે અન્યના અધિકાર, જાહેર જવાબદારી અને નૈતિક પરિણામનો વિચાર કરીને વર્તે

(B) અધિકારની માંગ કરતાં પહેલાં વિદ્યાર્થી પોતાની સામાજિક ફરજ પૂર્ણ કરે ત્યારે જ તેને અધિકારનો ઉપયોગ કરવા દેવો

(C) વ્યક્તિગત અધિકાર અને સમુદાયહિત વચ્ચે વિવાદ થાય ત્યારે સમુદાયની પરંપરાને હંમેશાં અગ્રતા આપવી

(D) મૂલ્યશિક્ષણ દ્વારા અધિકારસંબંધિત વિવાદ ઘટાડવા વિદ્યાર્થીને સત્તા અને પરંપરાનું પાલન શીખવવું

180. અભ્યાસક્રમના દાર્શનિક આધાર (Philosophical Foundations) સંદર્ભે 'વ્યવહારવાદ' (Pragmatism) અભ્યાસક્રમ નિર્માણમાં કયા તત્વને સર્વોચ્ચ પ્રાધાન્ય આપે છે?

(A) પ્રાચીન ધાર્મિક ગ્રંથો, શાશ્વત સાર્વત્રિક સત્યો અને પુસ્તકીય વારસાનું અક્ષરસઃ સ્મરણ અને સંગ્રહ કરવો.

(B) ઉપયોગિતાવાદ, બાળકના વાસ્તવિક જીવન અનુભવો, ક્રિયા દ્વારા શિક્ષણ અને પરિવર્તનશીલ સમસ્યા-નિવારણ પ્રવૃત્તિઓ.

(C) પ્રકૃતિના અબાધિત નિયમો અને કોઈપણ ઔપચારિક શાળા કે સમયપત્રક વગરનું સંપૂર્ણ સ્વચ્છંદ શિક્ષણ.

(D) માત્ર બ્રહ્માંડના આધ્યાત્મિક વિચારો, અમૂર્ત ચિંતન અને ભૌતિક જગતની સંપૂર્ણ ઉપેક્ષા કરતી વિચારસરણી.

181. શિક્ષક-વ્યાવસાયિક વિકાસના પરિણામે પરિવર્તન ક્યારે વધુ સંભાવ્ય બને?

(A) એક વખતની નિષ્ણાત તાલીમ પછી પરીક્ષા લઈને પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત કરવામાં આવે ત્યારે

(B) તાલીમમાં વધુમાં વધુ નવી પદ્ધતિ રજૂ કરી શિક્ષકોને પોતાની અનુકૂળ પદ્ધતિ પસંદ કરવા દેવામાં આવે ત્યારે

(C) વિષયસંગત અધ્યયન, વર્ગપ્રયોગ, સહકર્મી પ્રતિસાદ, કોચિંગ અને અનુસરણ સાથે જોડવામાં આવે ત્યારે

(D) તાલીમનું મૂલ્યાંકન શિક્ષક-સંતોષ અને સંસાધનવ્યક્તિની રજૂઆતના આધારે કરવામાં આવે ત્યારે

182. ઇલિયટ આઇઝનર (Elliot Eisner) દ્વારા વર્ગીકૃત કરાયેલા અભ્યાસક્રમના સ્વરૂપો પૈકી 'શૂન્ય અભ્યાસક્રમ' (Null Curriculum) ની વિભાવના શું સ્પષ્ટ કરે છે?

(A) જે વિષયો કે પ્રકરણો શાળાના મુદ્રિત પાઠ્યપુસ્તકમાં વિગતવાર પ્રકરણ સ્વરૂપે સત્તાવાર રીતે ભણાવવામાં આવતા હોય તેવો ઔપચારિક પાઠ્યક્રમ.

(B) શાળાઓમાં જે વિષયો, સામગ્રી, વિચારો કે કૌશલ્યો ભણાવવામાં આવતા નથી અથવા જેમને સભાન કે અસભાન રીતે બાકાત રાખવામાં આવે છે, તે પણ શૂન્ય અભ્યાસક્રમનો ભાગ છે.

(C) શાળાના અલિખિત નિયમો અને શિક્ષકોના આચરણમાંથી વિદ્યાર્થીઓ જે સામાજિક ધોરણો અને મૂલ્યો અપ્રત્યક્ષ રીતે શીખે છે તેવો છુપો અભ્યાસક્રમ.

(D) શાળાકીય શિક્ષણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી દ્વારા વ્યાવસાયિક કારકિર્દીમાં મેળવવામાં આવતું સ્વતંત્ર બિન-ઔપચારિક વ્યવહારુ જ્ઞાન.

183. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું – શાળા શિક્ષણ ૨૦૨૩ (NCF-SE 2023) માં સૂચવાયેલ અભ્યાસક્રમ સંરચનાના તાર્કિક પ્રવાહ સંદર્ભે સાચો ચડતો પદાનુક્રમ કયો છે?

(A) અધ્યયન નિષ્પત્તિઓ → સક્ષમતાઓ → વિષયવસ્તુના ધ્યેયો → વ્યાપક શૈક્ષણિક હેતુઓ

(B) વ્યાપક શૈક્ષણિક હેતુઓ → અભ્યાસક્રમીય ધ્યેયો → વિષયગત સક્ષમતાઓ → ચોક્કસ અધ્યયન નિષ્પત્તિઓ

(C) પાઠ્યપુસ્તક પ્રકરણો → વાર્ષિક પરીક્ષા ગુણભાર → શિક્ષક પ્રવૃત્તિઓ → રાષ્ટ્રીય શૈક્ષણિક આદર્શો

(D) વિષયગત સક્ષમતાઓ → વ્યાપક શૈક્ષણિક હેતુઓ → અધ્યયન નિષ્પત્તિઓ → અભ્યાસક્રમીય ધ્યેયો

184. અભ્યાસક્રમ વિકાસના પ્રશિષ્ટ મોડેલ્સ સંદર્ભે રાલ્ફ ટાઇલર (Ralph Tyler) ના 'નિગમનાત્મક મોડેલ' અને હિલ્ડા તાબા (Hilda Taba) ના 'આગમનાત્મક મોડેલ' વચ્ચેનો મુખ્ય તુલનાત્મક ભેદ કયો છે?

(A) ટાઇલર મોડેલ વિષયવસ્તુની પસંદગીને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપી અધ્યયન અનુભવોને ગૌણ ગણે છે, જ્યારે તાબા મોડેલ માત્ર પરીક્ષાના પરિણામો અને આંકડાકીય મૂલ્યાંકન પદ્ધતિ પર જ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

(B) ટાઇલર મોડેલ અભ્યાસક્રમમાંથી મૂલ્યાંકન પ્રક્રિયાને સંપૂર્ણપણે બાકાત રાખે છે, જ્યારે તાબા મોડેલ શૈક્ષણિક હેતુઓ નક્કી કર્યા વિના સીધું જ વિષયવસ્તુનું વર્ગીકરણ કરવાનું સૂચવે છે.

(C) ટાઇલર મોડેલ માત્ર પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમ માટે જ ઉપયોગી છે, જ્યારે તાબા મોડેલ માત્ર ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સિટી કક્ષાના સંશોધન અભ્યાસક્રમો ઘડવા માટે જ વૈધાનિક રીતે માન્ય છે.

(D) ટાઇલર મોડેલ વહીવટી સત્તાવાળાઓ દ્વારા ઉપરથી નીચે તરફ હેતુઓ નિર્ધારિત કરે છે, જ્યારે તાબા મોડેલ પાયાના સ્તરે કાર્યરત શિક્ષકો દ્વારા વાસ્તવિક જરૂરિયાતોના આધારે નીચેથી ઉપર તરફ અભ્યાસક્રમ રચવાની હિમાયત કરે છે.

185. 'દિવાસ્વપ્ન' માં લક્ષ્મીરામના પ્રયોગો સામે શાળાના મુખ્ય શિક્ષક (Headmaster) નું પ્રારંભિક વલણ કેવું હતું અને તે શું દર્શાવે છે?

(A) મુખ્ય શિક્ષક શરૂઆતથી જ તમામ પ્રયોગોને સંપૂર્ણ ઉત્સાહપૂર્વક આવકારતા હતા.

(B) તેઓ શંકાશીલ, ઉપહાસ કરનારા અને પરંપરાગત સિલેબસ-પરીક્ષાના ચોકઠામાં બંધાયેલા હતા.

(C) મુખ્ય શિક્ષકે લક્ષ્મીરામને નોકરીમાંથી તાત્કાલિક બરતરફ કરી દેવાની વિચારણા શરૂ કરી દિધી હતી.

(D) તેઓ પોતે લક્ષ્મીરામ કરતાં પણ વધુ ક્રાંતિકારી અને સર્જનાત્મક પ્રયોગો કરતાં હતા.

186. 'દિવાસ્વપ્ન' માં શાળાસફાઈ અને શ્રમના ગૌરવ (Dignity of Labour) સંદર્ભે કઈ ઘટના પ્રેરક બને છે?

(A) લક્ષ્મીરામ માત્ર પટાવાળાને બોલાવીને વર્ગખંડ સાફ કરાવે છે.

(B) પોતે સાવરણી લઈને વર્ગ સાફ કરે છે, જે જોઈને બાળકો ઉત્સાહપૂર્વક શ્રમકાર્યમાં જોડાય છે.

(C) સફાઈકાર્યમાં ન જોડાનાર બાળકો પાસેથી અન્ય કોઇ કામ કરાવવામાં આવે છે.

(D) શાળા પરિસરમાં સ્વચ્છતા માટેની સ્પર્ધા યોજવામાં આવે છે.

187. કોઈ શાળા 'દિવાસ્વપ્ન'થી પ્રેરાઈ મુક્ત વાતાવરણ બનાવે છે, પરંતુ કોઈ આયોજન કે અવલોકન કરતી નથી. યોગ્ય સમીક્ષા કઈ છે?

(A) મુક્ત શિક્ષણમાં પૂર્વઆયોજન વિરોધાભાસી હોવાથી શાળાનો અભિગમ સંપૂર્ણપણે યોગ્ય છે.

(B) બાળકની પ્રવૃત્તિ સ્વયં અધ્યયન સર્જે છે; શિક્ષક દ્વારા અવલોકન કરવાથી સ્વાભાવિકતા બગડે છે.

(C) ગિજુભાઈનો અભિગમ માત્ર પ્રાથમિક બાળશિક્ષણ સુધી મર્યાદિત હોવાથી શાળા સ્તરે મૂલ્યાંકન અયોગ્ય છે.

(D) સ્વતંત્રતા સાથે સંવેદનશીલ આયોજન, અવલોકન અને હેતુપૂર્ણ શિક્ષક-હસ્તક્ષેપ પણ જરૂરી છે.

188. 'દિવાસ્વપ્ન'માં વાર્તા અને પ્રવૃત્તિનો ઉપયોગ માત્ર મનોરંજનથી કેવી રીતે અલગ પડે છે?

(A) વાર્તાના અંતે નૈતિક બોધ શિક્ષક સ્પષ્ટ રીતે કહે ત્યારે તે શૈક્ષણિક બને છે.

(B) દરેક વાર્તા બાદ લેખિત પ્રશ્નોત્તરી લેવાય ત્યારે અધ્યયનનો વિશ્વસનીય પુરાવો મળે છે.

(C) તે ભાષા, કલ્પના, સંબંધ, રસ અને સ્વપ્રેરિત અધ્યયન માટે સંકલિત માધ્યમ બને છે.

(D) પાઠ્યપુસ્તકની માહિતી વાર્તારૂપે રજૂ થાય ત્યારે સ્મરણ વધે છે; તેનો મુખ્ય હેતુ એટલો જ છે.

189. શિસ્ત અંગે 'દિવાસ્વપ્ન'ની ભાવનાને અનુરૂપ કયો અભિગમ છે?

(A) ભય અને બાહ્ય દંડને બદલે રસપ્રદ કાર્ય, સહજીવન અને આંતરિક જવાબદારી દ્વારા શિસ્ત વિકસાવવી.

(B) સંપૂર્ણ સ્વતંત્રતા આપીને વર્તનનાં કુદરતી પરિણામથી જ બાળકને દરેક નિયમ શીખવા દેવો.

(C) દંડ જાહેરમાં નહીં પરંતુ વ્યક્તિગત રીતે આપવો, જેથી બાળકનું સન્માન અને શિસ્ત બંને જળવાય.

(D) સારા વર્તન માટે સતત ઇનામ આપી ઇચ્છિત આદત સ્થાયી થયા પછી પ્રોત્સાહન ઘટાડવું.

190. શાળા-શિક્ષણમાં સમુદાયની અર્થપૂર્ણ ભાગીદારીનો સૌથી યોગ્ય અર્થ કયો છે?

(A) સમસ્યાની ઓળખ, આયોજન, અમલ અને અનુવર્તનમાં વિવિધ સમુદાયજૂથને નિર્ણય પ્રભાવિત કરવાની વાસ્તવિક તક આપવી

(B) શાળાની જરૂરિયાત મુજબ સમુદાય પાસેથી નાણાં, શ્રમદાન અને સ્વયંસેવકો મેળવી સંસાધનની ખાધ પૂરી કરવી

(C) શિક્ષણ વ્યાવસાયિક ક્ષેત્ર હોવાથી નિર્ણય શાળા લે અને સમુદાયને નિયમિત માહિતી તથા પ્રતિભાવની તક આપે

(D) SMCમાં સમુદાયના પ્રતિનિધિ ચૂંટાઈ જાય પછી વાલીઓની સીધી સહભાગિતાની જરૂરિયાત પૂર્ણ ગણવી

191. સમરસ ગામની ભાવનાને શાળાશિક્ષણ સાથે જોડવાનો સૌથી યોગ્ય અભિગમ કયો છે?

(A) શૈક્ષણિક મુદ્દામાં જાહેર વિવાદ ન થાય તે માટે ગામના વડીલોના સર્વસંમતિભર્યા નિર્ણયને સ્વીકારવા

(B) સામાજિક જૂથ વચ્ચે સંવાદ અને સહિયારો હેતુ વિકસાવતાં રહેવું અને વંચિતના અવાજ તથા બાળકના અધિકારને સુરક્ષિત રાખવા

(C) ગામની એકતા માટે તમામ વસાહતના બાળકોને સમાન પ્રવૃત્તિ આપવી અને જૂથવિશેષ સહાય ટાળવી

(D) શાળા-નિર્ણયમાં બહુમતી સમુદાયને નેતૃત્વ આપીને લઘુમતી જૂથને પ્રતિનિધિત્વરૂપ એક સ્થાન આપવું

192. સામુદાયિક ગતિશીલતા (Community Mobilisation) અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. એક વખત મોટી સભા યોજવાથી સમુદાયમાં માલિકીભાવ (Ownership) વિકસે છે.
2. વિશ્વાસ, સહિયારી સમસ્યાની ઓળખ અને સતત સંવાદ જરૂરી છે.
3. જુદા જૂથના હિત અને તેમની વચ્ચેના શક્તિસંબંધનું વિશ્લેષણ ઉપયોગી છે.
4. સામુદાયિક ગતિશીલતા માત્ર લોકોને કાર્યક્રમમાં હાજર કરાવવાની પ્રક્રિયા નથી.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

193. વાલીઓ જાણે છે કે નિયમિત હાજરી જરૂરી છે, છતાં ઋતુગત કામમાં બાળકોને સાથે લઈ જાય છે. વર્તન પરિવર્તન સંચાર (BCC) આધારિત પ્રથમ પગલું કયું છે?

(A) હાજરીના કાનૂની નિયમ અને દંડ વિશે વધુ તીવ્ર તથા વારંવાર સંદેશ આપવો

(B) ગેરહાજરીના આર્થિક, સામાજિક અને વ્યવહારુ કારણ તથા નિર્ણય કોણ લે છે તે સમજવું

(C) નિયમિત હાજરી ધરાવતા પરિવારને જાહેર ઇનામ આપીને સામાજિક સ્પર્ધા ઊભી કરવી

(D) બાળકને વાલી સામે પોતાના શિક્ષણના અધિકાર વિશે બોલવા તૈયાર કરવું

194. જિલ્લામાં સમુદાય-ભાગીદારી અંગે સ્થિતિ આ મુજબ છે:

- SMCની બેઠક નિયમિત થાય છે, પરંતુ આચાર્ય તૈયાર યોજના મંજૂર કરાવે છે.
- વંચિત સમુદાયના સભ્યો હાજર છે, પરંતુ ભાગ લેતા નથી.
- ગેરહાજર બાળકોના વાલીને જાહેરમાં ચેતવણી આપવામાં આવે છે.
- dropout અંગે સોશિયલ મીડિયા અભિયાનને ઘણા likes મળે છે, પરંતુ પુનઃહાજરી ઓછી છે.
- ગૃહઅધ્યયન માટે લાંબી લેખિત સૂચના અપાય છે, જે ઘણા વાલી સમજી શકતા નથી.
- સ્વયંસેવકો બાળસુરક્ષા ચકાસણી વિના વર્ગ ચલાવે છે.
- જિલ્લા અહેવાલમાં બેઠકો અને અભિયાનની સંખ્યા સફળતા તરીકે દર્શાવાય છે.

સૌથી યોગ્ય સુધારાત્મક વ્યૂહરચના કઈ છે?

(A) SMC બેઠક અને social-media અભિયાનનું માસિક લક્ષ્ય વધારી ગેરહાજર વાલી માટે દંડાત્મક અનુવર્તન મજબૂત કરવું

(B) આચાર્યને participatory leadershipની તાલીમ આપી અન્ય તમામ પ્રવૃત્તિ વર્તમાન સ્વરૂપે ચાલુ રાખવી

(C) અર્થપૂર્ણ સહભાગિતા, સુગમ સંવાદ, બાળકવાર સહાય, સુરક્ષિત સ્વયંસેવા અને outcome આધારિત અનુવર્તન ગોઠવવું

(D) SMC નબળી હોવાથી જિલ્લા અધિકારી સીધું આયોજન કરે અને સમુદાયને માત્ર અમલીકરણમાં જોડે

195. જિલ્લાકક્ષાની બેઠકમાં અધિકારી કહે છે: "તમારી શાળાની બેદરકારીને કારણે યોજના નિષ્ફળ ગઈ." અસરકારક સંચારના દૃષ્ટિકોણથી શ્રેષ્ઠ પુનર્ઘટિત સંદેશ કયો હોઇ શકે છે?

(A) "આયોજનમાં તમારી ક્ષતિ રહી છે; હવે કારણો રજૂ કરીને જવાબદારી સ્વીકારશો."

(B) "નિર્ધારિત પ્રવૃત્તિઓમાંથી ત્રણ સમયસર થઈ નથી; કારણો અને અવરોધો ઓળખીને સુધારેલ સમયરેખા નક્કી કરીએ."

(C) "યોજનાનું પરિણામ અપેક્ષિત નથી; સંબંધિત કર્મચારીઓ સામે કાર્યવાહી પહેલાં ખુલાસો આપશો."

(D) "જિલ્લાની અપેક્ષા ઊંચી છે; તેથી દરેક શાળાએ કોઈ પણ રીતે નિર્ધારિત લક્ષ્ય પૂર્ણ કરવું જ પડશે."

196. સ્વ-જાગૃતિ અને સહાનુભૂતિ વચ્ચેના સંબંધને નીચે આપેલ પૈકી કયો વિકલ્પ સૌથી ચોક્કસ રીતે સમજાવે છે?

(A) પોતાની લાગણી અને પૂર્વગ્રહ ઓળખવાથી બીજાના અનુભવને પોતાના અનુભવથી અલગ સમજી શકવાની ક્ષમતા મજબૂત બને છે.

(B) પોતાની લાગણીનું સંપૂર્ણ નિયંત્રણ પ્રાપ્ત થયા પછી જ બીજાની લાગણી સમજવાની ક્ષમતા વિકસે છે.

(C) બીજાની લાગણી સાથે સમાન લાગણી અનુભવાય ત્યારે જ વ્યક્તિ સહાનુભૂતિપૂર્ણ પ્રતિભાવ આપી શકે છે.

(D) સ્વ-જાગૃતિ વ્યક્તિગત કૌશલ્ય છે, તેથી તેના વિકાસની સહાનુભૂતિ પર સીધી અસર થતી નથી.

197. અસરકારક સંચાર અંગે નીચેના વિધાનો વિચારો:

1. સંદેશ મોકલાયો એટલે સંચાર પૂર્ણ થયો એમ માનવું યોગ્ય નથી.

2. પ્રતિસાદથી સંદેશ પ્રાપ્તકર્તાએ સંદેશને કેવી રીતે સમજ્યો તેની જાણ થાય છે.

3. દરેક પરિસ્થિતિમાં સૌથી વિગતવાર સંદેશ જ સૌથી અસરકારક હોય છે.

4. માધ્યમની પસંદગી સંદેશની સંવેદનશીલતા અને તાત્કાલિકતા પર આધારિત હોઈ શકે.

કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 4 સાચાં છે.
(B) માત્ર 1, 3 અને 4 સાચાં છે.
(C) માત્ર 2 અને 3 સાચાં છે.
(D) ચારેય વિધાન સાચાં છે.

198. એક વિદ્યાર્થી નિષ્ફળતા પછી કહે છે, "હું કોઈ કામમાં સારો નથી." શિક્ષકનો કયો પ્રતિભાવ લાગણીનો સામનો કરતા અને વાસ્તવિક સ્વ-જાગૃતિનું કૌશલ્ય બંને વિકસાવે છે?

(A) "નિષ્ફળતા મળવી તે સામાન્ય બાબત છે; તેને ભૂલી જઈ આગામી પરીક્ષા માટે વધુ મહેનત કર."

(B) "તારી લાગણી સ્વાભાવિક છે; પરંતુ તું બીજા વિષયોમાં સારો છે, એટલે ચિંતા કરવાની જરૂર નથી."

(C) "હમણાં તને કઈ લાગણી અનુભવાય છે તે ઓળખવાની કોશિષ કર, આ એક પરિણામ અને તારી સંપૂર્ણ ક્ષમતા વચ્ચેનો ભેદ સમજવો ખૂબ જરૂરી છે."

(D) "પરિણામનું વિશ્લેષણ શિક્ષક કરશે; તારે નકારાત્મક વિચારોને સકારાત્મક વિચારોથી બદલવા જોઈએ."

199. એક શિક્ષક વિદ્યાર્થીની વાત ધ્યાનથી સાંભળે છે, પરંતુ મનમાં માને છે કે "આવા પરિવારનાં બાળકો સામાન્ય રીતે બહાના બનાવે છે." આ પરિસ્થિતિનું શ્રેષ્ઠ વિશ્લેષણ કયું છે?

(A) શિક્ષકે સક્રિય શ્રવણ કર્યું હોવાથી તેનો પૂર્વગ્રહ નિર્ણયને અસર કરી શકતો નથી.

(B) શિક્ષક સહાનુભૂતિ દર્શાવે છે, કારણ કે તેણે વિદ્યાર્થીને પોતાની વાત પૂરી કરવાની તક આપી.

(C) પૂર્વ અનુભવ પરથી અનુમાન કરવું વિવેચનાત્મક વિચાર છે, જો અંતિમ નિર્ણય તરત લેવામાં ન આવે.

(D) સાંભળવાની ક્રિયા હોવા છતાં સ્વ-જાગૃતિના અભાવે પૂર્વગ્રહ સમજ અને નિર્ણયને વિકૃત કરી શકે છે.

200. એક જિલ્લામાં અચાનક સામાજિક તણાવને કારણે શાળાઓમાં અફવા, ભય, ગેરહાજરી અને પરસ્પર અવિશ્વાસ વધે છે. જિલ્લા શિક્ષણાધિકારી નીચેની કાર્યવાહી વિચારે છે:

1. વિશ્વસનીય માહિતી ચકાસીને સ્પષ્ટ અને નિયમિત સંચાર કરવો.

2. વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓની લાગણીઓ સાંભળી યોગ્ય સહાય-વ્યવસ્થા કરવી.

3. સંભવિત વિકલ્પોના જોખમ અને અસરનું વિશ્લેષણ કરી તબક્કાવાર નિર્ણય લેવો.

4. શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર કાનૂની મર્યાદામાં ઉકેલ રચવાની તક આપવી.

5. પરિસ્થિતિ શાંત ન થાય ત્યાં સુધી તમામ મતભેદ અને પ્રશ્નોની ચર્ચા પર પ્રતિબંધ મૂકવો.

જીવન-કૌશલ્યોના સંકલિત ઉપયોગને અનુરૂપ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 5
(B) માત્ર 1, 3, 4 અને 5
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2, 3 અને 4